
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૫ * અંક-૨ * ઓક્ટોબર, ૨૦૨૦



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● સમ્યક્ પ્રકારે સેવેલા તપનું વાસ્તવિક ફળ અનુપમ આત્મજન્ય શાશ્વત અને નિરાબાધ સુખ છે. તેવા પરમોત્કૃષ્ટ સુખપ્રાપ્તિના કારણે ચક્રવર્તી મહારાજા પ્રાપ્ત ચક્રવર્તીપદ છોડી દે તો એમાં કોઈ મોટું આશ્ચર્ય નથી. પણ મહદ્ આશ્ચર્ય તો એ છે કે—સુબુદ્ધિમાન પુરુષો પણ છોડેલા વિષયરૂપી વિષને ફરી ભોગવવા અર્થે સમ્યક્તપરૂપી પરમ નિધાનને તજી દે છે. ૧૮૨૨.

(શ્રી ગુણભદ્ર આચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૬૫)

● જેના દ્વારા અતિશય ચંચળ મનને નિયમિત કરવામાં આવે છે, પૂર્વે ઉપાર્જિત કર્મનો નાશ કરવામાં આવે છે તથા જેના દ્વારા સંસારના કારણભૂત આસ્રવને રોકવામાં આવે છે, તે પૂજનીય જિનવાણીનું ઉત્તમ પ્રકારે અધ્યયન કરવું તેને સ્વાધ્યાયતપ કહેવામાં આવે છે. ૧૮૨૩.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૮૮૯)

● જો મારા હૃદયમાં નિત્ય આનંદપ્રદ-મોક્ષપદ આપનારી ગુરુની વાણી પ્રકાશમાન છે તો ભલે મુનિજનો મારા ઉપર સ્નેહ ન કરો. ગૃહસ્થો ભલે મને ભોજન ન આપો, ભલે મારી પાસે કાંઈ પણ ધન ન હો તથા ભલે મારું શરીર પણ રોગવાળું હો તથા મને નગ્ન જોઈને લોકો ભલે મારી નિંદા કરો તોપણ મને તેમાં જરાય ખેદ નથી. ૧૮૨૪. (શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, પરમાર્થવિંશતિ, શ્લોક-૯)

● ખરેખર જે જીવને પરમાણુમાત્ર-લેશમાત્ર પણ રાગાદિક વર્તે છે તે જીવ ભલે સર્વ આગમ ભણેલો હોય તોપણ આત્માને નથી જાણતો; અને આત્માને નહીં જાણતો થકો તે અનાત્માને (પરને) પણ નથી જાણતો; એ રીતે જે જીવ અને અજીવને નથી જાણતો તે સમ્યગ્દૃષ્ટિ કેમ હોઈ શકે? ૧૮૨૫.

(શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા-૨૦૧-૨૦૨)

● તીનોં લોકમેં જો ઈન્દ્ર આદિ પૃથ્વીકા ઉદ્ધાર કરનેમેં સમર્થ થે, જો સમુદ્રકે સમસ્ત જલકે પીનેમેં સમર્થ થે, જો પર્વતમેં પ્રવેશ કરનેકે લિયે સમર્થ થે, જો જ્યોતિષિયોંકે સમૂહકો રોકનેકે લિયે સમર્થ થે તથા જો ચલતી હુઈ વાયુકો ખાનેમેં સમર્થ થે, પ્રસિદ્ધ મહાગુણોંકો ધારણ કરનેવાલે વે ભી જિન ઇન્દ્રિયોંકો નહીં જિત શકે ઉન ઇન્દ્રિયોંકો જો જીત ચુકા હૈ ઉસ ઇશ્વરકો આપ્ત કહતે હૈ. ૧૮૨૬.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૬૪૫)

વર્ષ–૧૫
અંક–૨




વિ. સંવત
૨૦૭૫
October
A.D. 2020



## શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



**(સમયસાર ગાથા ૯૨ ઉપર પ્રવચન)**

ચેતન વડે શીત-ઉષ્ણરૂપ પરિણમવું અશક્ય હોવાની જેમ

### ચેતન વડે રાગાદિરૂપ પરિણમવું અશક્ય

જ્ઞાનાનંદમૂર્તિ ભગવાન આત્માના અજ્ઞાનને લીધે અજ્ઞાની જીવ, આત્મા અને દયા-દાન-કામ-ક્રોધ આદિના ભેદને નહીં જાણતો થકો, 'હું રાગી છું, હું દ્વેષી છું'– ઈત્યાદિ પ્રકારે રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે. જેમ શીત-ઉષ્ણ અવસ્થા પુદ્‌ગલ સાથે એકમેક છે ને જીવથી ભિન્ન છે તથા તે સંબંધી જ્ઞાનની અવસ્થા જીવથી અભિન્ન છે ને પુદ્‌ગલથી ભિન્ન છે તેમ દયા-દાન-વ્રત-ભક્તિનો શુભરાગ હો કે કામ-ક્રોધ-વિષય-વાસનાનો અશુભરાગ હો પણ એ પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન છે ને આત્માથી અત્યંત ભિન્ન છે. પરંતુ જ્ઞાનના સ્વપરપ્રકાશકપણાને લીધે જ્યાં રાગસંબંધી પોતાને જ્ઞાન થયું ત્યાં અજ્ઞાની જીવ 'હું રાગી છું'–એમ આત્મસ્વરૂપના અજ્ઞાનને લીધે રાગાદિ પરને પોતારૂપ માનતો થકો એ રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે. જેમ પુદ્‌ગલની શીત-ઉષ્ણ અવસ્થારૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે તેમ રાગ-દ્વેષ આદિ પુદ્‌ગલપરિણામરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય હોવા છતાં, જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરતો, પોતે અજ્ઞાનમય થયો થકો અજ્ઞાની જીવ રાગાદિનો કર્તા પ્રતિભાસે છે.

> **ત્રૈલોક દુઃખહર નાથ! તને નમોસ્તુ, તું ભૂતળે અમલભૂષણને નમોસ્તુ;**
> **ત્રૈલોકના જ પરમેશ્વરને નમોસ્તુ, હે જિન શોષક ભવાબ્ધિ! તને નમોસ્તુ. ૨૬.**
> –ભક્તામર સ્તોત્ર

રાગ-દ્વેષ, સુખ-દુઃખ આદિ અવસ્થા પુદ્‌ગલકર્મના ઉદયનો સ્વાદ હોવાથી આત્માથી અત્યંત ભિન્ન છે. પરંતુ અજ્ઞાનને લીધે તેનું ભેદજ્ઞાન નહીં હોવાથી અજ્ઞાની જીવ 'હું રાગી છું'—ઈત્યાદિ પ્રકારે રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે એમ અહીં સમજાવે છે.

**પરને કરે નિજરૂપ ને નિજ આત્મને પણ પર કરે,**
**અજ્ઞાનમય એ જીવ એવો કર્મનો કારક બને. ૯૨.**

આ આત્મા પોતાના શુદ્ધ આનંદઘન સ્વરૂપના અજ્ઞાનથી, ભગવાન આત્મા આનંદ સ્વરૂપ અને રાગ-દ્વેષ-નોકર્મરૂપ પર એ બેના ભેદને નહીં જાણતો થકો, રાગ-દ્વેષ-કર્મ-નોકર્મ મારા છે—એમ પરરૂપ પોતાને કરતો થકો, પોતે અજ્ઞાનથી રાગાદિનો કર્તા પ્રતિભાસે છે.

જેવી રીતે શીત-ઉષ્ણ અવસ્થા પુદ્‌ગલ દ્રવ્યથી એકમેક છે ને આત્માથી સદાય અત્યંત ભિન્ન છે. શીત-ઉષ્ણ અવસ્થાનું જે જ્ઞાન થાય છે તે આત્માથી અભિન્ન છે ને પુદ્‌ગલ દ્રવ્યથી સદાય અત્યંત ભિન્ન છે તેવી રીતે આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે તે અપેક્ષાએ સુખ-દુઃખ-રાગાદિ પર્યાય આત્માની નથી પણ પુદ્‌ગલ દ્રવ્યની છે, તેથી તે અવસ્થા પુદ્‌ગલ દ્રવ્યથી અભિન્ન છે. રાગ-દ્વેષ-સુખ-દુઃખના પરિણામ એ કર્મનું કાર્ય છે, પુદ્‌ગલની અવસ્થા છે, તેથી તે પુદ્‌ગલથી અભિન્ન છે. દયા-દાન-વ્રત-તપ આદિ છે એ મંદ રાગ છે, એ રાગ પુદ્‌ગલની અવસ્થા છે ને તેનું જે જ્ઞાન છે તે આત્માથી અભિન્ન છે. દયા-દાન-ઉપવાસ એ રાગ છે. એ રાગ સ્વભાવને આધીન થતાં નથી પણ પુદ્‌ગલને આધીન થાય છે તેથી તે પુદ્‌ગલની અવસ્થા છે. તેથી તે પુદ્‌ગલથી અભિન્ન છે ને રાગાદિભાવનું જ્ઞાન છે એ જ્ઞાન આત્માથી અભિન્ન છે. રાગાદિ ભાવ પુદ્‌ગલથી અભિન્ન છે ને તે સંબંધી જ્ઞાન આત્માથી અભિન્ન છે. રાગાદિ જે પરિણામ થયા તેનું જ્ઞાન એ આત્માથી અભિન્ન છે. રાગાદિ થાય એ પુદ્‌ગલની અવસ્થા છે ને તેનું જ્ઞાન થાય એ આત્માની દશા છે.

આત્મા જ્ઞાનસ્વભાવ સ્વરૂપ છે ને જ્ઞાન સ્વપરપ્રકાશક છે. તે કારણે રાગાદિ સંબંધી પોતામાં પોતાથી જે જ્ઞાન પરિણામ થયા એ પોતાથી અભિન્ન છે ને પુદ્‌ગલથી ભિન્ન છે. રાગાદિ કર્મથી થાય એ વાત અહીં સિદ્ધ નથી કરવી પણ પોતાના સ્વભાવથી રાગાદિ થતાં નથી તેથી પુદ્‌ગલના કહ્યાં છે. પણ કોઈ એમ લઈ લે કે રાગાદિ કર્મથી

**આશ્ચર્ય શું ગુણ જ સર્વ કદિ મુનીશ, તારો જ આશ્રય કરી વસતા હંમેશ;**
**દોષો ધરી વિવિધ આશ્રય ઉપજેલા, ગર્વાદિકે ન તમને સ્વપ્ને દીઠેલા. ૨૭.**

થાય છે, તો એમ નથી. અહીં તો એમ કહેવું છે કે અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ બધા તત્ત્વો એક છે, તેનાથી આત્મા ભિન્ન તત્ત્વ છે. અપેક્ષા સમજવી જોઈએ. આ તો વીતરાગનો માર્ગ છે.

કહે છે કે સુખ-દુઃખની કલ્પના થાય છે તે નિશ્ચયથી પુદ્ગલની છે અને તેનું અહીં જ્ઞાન થયું એ જ્ઞાન ને સુખ-દુઃખની કલ્પના—એ બેનું ભેદજ્ઞાન નહીં હોવાથી, અનાદિના એકત્વના અધ્યાસને લઈને 'હું રાગી છું' આદિ પ્રકારે રાગનો કર્તા પ્રતિભાસે છે. વ્રત-તપ-ઉપવાસ આદિનો ભાવ એ રાગ ને તેનું જ્ઞાન—એ બેના ભેદને જે જાણતો નથી તે, જેમ શીત-ઉષ્ણરૂપે આત્માનું પરિણમવું અશક્ય છે—ક્યારેય ઠંડો ગરમ આત્મા થતો નથી, તેમ રાગ-દ્વેષ, સુખ-દુઃખની કલ્પનાના ભાવરૂપે આત્મા વડે પરિણમવું અશક્ય છે. એવા રાગ-દ્વેષ-સુખ-દુઃખ આદિરૂપ અજ્ઞાનાત્મા વડે 'હું રાગાદિપણે પરિણમ્યો'—એમ માને છે. 'હું રાગાદિરૂપ થઉં છું' એમ અજ્ઞાની માને છે પણ વસ્તુ રાગરૂપે પરિણમતી નથી.

ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે પણ જ્ઞાનપણે પ્રગટવું છોડીને અજ્ઞાનત્વ પ્રગટ કરતો પોતે સ્વયં અજ્ઞાનમય થયો થકો 'હું આ રાગનો કર્તા છું'—આદિ વિધિથી રાગાદિનો કર્તા અજ્ઞાની પ્રતિભાસિત થાય છે.

આત્માની પર્યાયમાં જે રાગાદિ દેખાય છે, રાગ-દ્વેષ-સુખ-દુઃખની કલ્પના દેખાય છે તે પુદ્ગલની દશા છે. ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. તેની દશા તો આનંદ ને શાંતિ એ એની દશા છે. રતિ-અરતિ આદિ ઉત્પન્ન થાય છે તે પુદ્ગલકર્મના ઉદયનો સ્વાદ છે. જ્ઞાનમાં તે સ્વાદ જણાય છે, છતાં તે સ્વાદ છે તે મારો છે એવી મિથ્યાદૃષ્ટિની માન્યતા છે.

દયા-દાન આદિનો ભાવ તે રાગ છે ને રાગ-દ્વેષ એ તો પુદ્ગલની દશા છે, એ તારી દશા નહિ પ્રભુ ! રાગ છે એ પુદ્ગલની દશા છે. ભાઈ ! આ પથ્થરનું ઘર એ તો તારું નહિ પણ તારું ઘર તો રાગ-દ્વેષ ને સુખ-દુઃખની કલ્પનાથી પણ પાર શાંતિનું ધામ છે ! એ નિજઘરમાં ઠરવું-વસવું એ ખરું વાસ્તુ છે. પ્રભુ ! રાગ-દ્વેષ-સુખ-દુઃખની કલ્પના એ પુદ્ગલની દશા છે—એમ ત્રિલોકનાથ કહે છે. જ્ઞાન-દર્શન-આનંદ આદિ તારો સ્વદેશ છે પણ તું અજ્ઞાનથી રાગ-દ્વેષ, હરખ-શોક-દીનતા-મુર્ખાઈ આદિ દશાઓને તારો સ્વદેશ માની રહ્યો છે પણ પ્રભુ! એ તારી દશા નહિ, એ તો પુદ્ગલની અવસ્થા છે.

**ઊંચા અશોકતરુ આશ્રિત કીર્ણ ઊંચ, અત્યંત નિર્મળ દીસે પ્રભુ આપ રૂપ;**
**તે જેમ મેઘ સમીપે રહી સૂર્યબિંબ; શોભે પ્રસારી કિરણો હણીને તિમિર. ૨૮.**

જેમ શીત-ઉષ્ણ એ પુદ્‌ગલની અવસ્થા છે તેથી તે પુદ્‌ગલ સાથે અભિન્ન છે, તેમ સુખ-દુઃખ આદિ કલ્પના એ પુદ્‌ગલની અવસ્થા છે, પુદ્‌ગલકર્મના ઉદયનો એ સ્વાદ છે, એ તારા જ્ઞાનમાં ભાસે છે પણ એ તારો સ્વાદ નહિ. પ્રભુ ! અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે એ તારો સ્વાદ છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે ને અતીન્દ્રિય આનંદનો સ્વાદ એ તારો સ્વાદ છે પણ અજ્ઞાની રાગ-દ્વેષ ને સુખ-દુઃખની કલ્પનાને મારી માની રહ્યો છે કે જે જડની અવસ્થા છે.

પ્રભુ ! તારામાં એવો કોઈ ગુણ નથી કે રાગ-દ્વેષ, સુખ-દુઃખરૂપે તું પરિણમે. અનંત અનંત અનંત ગુણોનો પાર નહિ એવો પ્રભુ તું છો પણ રાગાદિને મારા માની ચાર ગતિમાં રખડીને દુઃખી થઈ રહ્યો છે. અહીં તો કહે છે કે એ દુઃખની અવસ્થા એ પણ પુદ્‌ગલની અવસ્થા છે, કેમ કે દુઃખરૂપે તું થાય એવો કોઈ તારામાં ગુણ નથી. સુખ-દુઃખની કલ્પનાની દશા થાય એવો તારામાં કોઈ ગુણ છે ? દયા-દાન આદિપણે થાય એવો કોઈ ગુણ છે ?—કે ના; આત્માનો ગુણ તો જ્ઞાન આનંદ આદિ છે. દ્રવ્ય શુદ્ધ, અનંતાનંત ગુણ શુદ્ધ અને તેની દૃષ્ટિ કરતાં શુદ્ધતા થાય એ એની દશા છે.

રાગ-દ્વેષ-સુખ-દુઃખની કલ્પના એ તો પુદ્‌ગલની અવસ્થા છે. પુદ્‌ગલથી અભિન્ન છે ને આત્માથી અત્યંત ભિન્ન છે. પ્રભુ ! એકવાર સાંભળ તો ખરો ! તારામાં અનંત ચૈતન્યરત્નાકર ભર્યા છે, એની દૃષ્ટિ કરતાં જે દશા પ્રગટ થાય એ તારી દશા છે. પરંતુ અજ્ઞાનને લીધે આનંદનો નાથ પ્રભુ અને રાગ-દ્વેષ આદિ જડની દશા એ બેનું ભેદજ્ઞાન નહીં હોવાથી એમ માને છે કે રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિ અવસ્થા મારી છે, એ મારો જ સ્વાદ છે—એમ અજ્ઞાની અજ્ઞાનને લીધે માને છે. કારણ કે જ્ઞાન છે તે સ્વચ્છ છે તેથી જેમ શીત-ઉષ્ણ જ્ઞાનમાં જણાય એમ રાગાદિ જ્ઞાનની સ્વચ્છતાને લીધે જણાય છે ત્યાં અજ્ઞાનીને જાણે કે જ્ઞાન જ રાગાદિરૂપે થઈ ગયું હોય તેમ અજ્ઞાનથી ભાસે છે. જ્ઞાનની સ્વચ્છતામાં રાગાદિ જણાય છે, ઝળકે છે, પ્રતિબિંબિત થાય છે, ત્યાં અજ્ઞાની તેને જાણતા એમ માની લે છે કે એ મારા જ છે. કેમકે રાગાદિથી ભિન્ન સ્વરૂપની એને ખબર નથી. તેથી અજ્ઞાની એમ માને છે કે ‘હું રાગી છું, હું દ્વેષી છું’ ઇત્યાદિ.

—આ રીતે અજ્ઞાની રાગદ્વેષાદિનો કર્તા થાય છે. (ક્રમશઃ)

**સિંહાસને મણિ તણા કિરણે વિચિત્ર, શોભે સુવર્ણ સમ આપ શરીર ગૌર;**
**તે સૂર્ય–બિંબ ઉદયાચળ શિર ટોચે, આકાશમાં કિરણ જેમ પ્રસરી શોભે. ૨૯.**




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન

(તા. ૧૩-૫-૪૪, રવિવાર) વ્યાખ્યાન નં. ૨૪
(ગાથા ૩૮)



આત્માના સ્વભાવમાં તો શુદ્ધતા ને વીતરાગતા જ ભરી છે. જો સ્વભાવને ઉપાદેય સમજીને તેનો આશ્રય કરે તો શુદ્ધતા ને વીતરાગતા જ પ્રગટે. આત્મામાં પુણ્ય-પાપ ભર્યા નથી, તે તો પરાશ્રયે નવા ઉત્પન્ન થાય છે. જેમ મીઠા પાણીના કૂવામાંથી તો મીઠા પાણીનો જ પ્રવાહ આવે છે, પણ જો તે પાણી કાળીજીરીમાંથી પસાર થાય તો કડવું થઈ જાય છે, પરંતુ તેથી કાંઈ કૂવો કડવો થઈ જતો નથી. તેમ આત્મા તો શુદ્ધ ચૈતન્ય અમૃતથી જ ભરેલો છે, પણ તે સ્વભાવને ભૂલીને પોતે પરાશ્રયે પરિણમે છે. તેથી પર્યાય પોતે વિકારી થાય છે, પરંતુ કાંઈ મૂળસ્વભાવ વિકારી થઈ ગયો નથી. માટે જ્ઞાનીઓ કહે છે કે, હે જીવ! તું તારા મૂળ સ્વભાવને જો, ક્ષણિક વિકારને ન જો. ત્રિકાળી સ્વભાવને જોવાથી જ શુદ્ધતા પ્રગટે છે ને અશુદ્ધતા ટળે છે. અશુદ્ધતાને જ જોયા કરે ને અશુદ્ધતાને જ પોતાનું સ્વરૂપ માન્યા કરે તો કદી અશુદ્ધતા ટળે નહિ ને શુદ્ધતા થાય નહિ. તારા સહજ સ્વભાવમાં પુણ્ય-પાપરૂપ અશુદ્ધતા છે જ નહિ. એ સ્વભાવને જો ઉપાદેય માન તો પર્યાયમાંથી પણ અશુદ્ધતા ટળી જશે ને મુક્તિ પ્રગટ થશે.

પ્રશ્ન :—શુભભાવની સાથે ક્રિયા છે તેનાથી તો ધર્મ થાયને?

ઉત્તર :—અરે ભાઈ, કઈ ક્રિયા? પ્રથમ તો શુભભાવ પોતે જ વિકારી ક્રિયા છે. તેનાથી ધર્મ થાય નહિ. અને શરીરની બેસવા વગેરેની ક્રિયા આત્માની નથી. જડની ક્રિયાથી ત્રણકાળમાં આત્માનો ધર્મ ન હોઈ શકે. શરીરની ક્રિયા હું કરું છું અને તેનાથી મને ધર્મ થાય છે એવી માન્યતાને લીધે જીવને એકલો અધર્મ થાય છે.

અજ્ઞાની જીવો શરીરની ક્રિયા થાય તેને ધર્મની ક્રિયા માને છે, પણ એ તો જડની ક્રિયા છે. અંતરમાં જે શુભભાવ થાય તે જીવની વિકારી ક્રિયા છે, તેનાથી ધર્મ નથી. શરીરની જે અવસ્થા થાય તે જડની ક્રિયા છે, આત્મામાં પુણ્યભાવ થાય તે આત્માની

**ધોળાં ઢળે અમરકુંદ સમાન એવું, શોભે સુવર્ણમય રમ્ય શરીર તારું;**
**તે ઉગતા શશિસમા જળ ઝર્ણ ધારે, મેરુ તણા કનકના શિર પેઠ શોભે. ૩૦.**

વિકારી ક્રિયા છે અને જડથી તથા વિકારથી જુદો જ્ઞાતાસ્વભાવ તે હું છું—એમ શ્રદ્ધા-જ્ઞાન કરવાં તે ધર્મની ક્રિયા છે. જ્ઞાની જીવ ચૈતન્યસ્વભાવને જ ઉપાદેય જાણે છે, રાગ થાય તેના ધણી થતા નથી ને શરીરની ક્રિયા પોતાને આધીન માનતા નથી. આમાં વ્યવહાર ઊડી જતો નથી પણ આમાં જ સાચો વ્યવહાર આવે છે.

પ્રશ્ન :—આમાં કઈ જાતનો વ્યવહાર આવ્યો?

ઉત્તર :—ત્રિકાળી શુદ્ધસ્વભાવ તે નિશ્ચય છે ને તેના આશ્રયે જે નિર્મળ પર્યાય પ્રગટ્યો તે વ્યવહાર છે. શુભરાગ તે સાચો વ્યવહાર નથી. (સાચો વ્યવહાર એટલે શુદ્ધ સદ્ભૂત વ્યવહાર એમ અહીં સમજવું.) હું ત્રિકાળ પરમ શુદ્ધ સ્વભાવ છું, એમ નિશ્ચયસ્વભાવના શ્રદ્ધા-જ્ઞાનના જોરે જે શુદ્ધતા પ્રગટી અને રાગ ટળ્યો તે જ વ્યવહાર છે. ત્રિકાળ એકરૂપ અભેદસ્વરૂપ તે નિશ્ચય છે. એ નિશ્ચયના આશ્રય વગર નિર્મળ પર્યાયરૂપ વ્યવહાર હોઈ શકે નહિ. આત્માનો વ્યવહાર જડમાં હોય નહિ. અહીં તો વિકાર તે પણ ખરેખર ચૈતન્યનો વ્યવહાર નથી. ત્રિકાળી ચૈતન્યદ્રવ્ય તે નિશ્ચય છે અને તે ચૈતન્યનો જે નિર્મળપર્યાય તે જ તેનો વ્યવહાર છે. આ વ્યવહાર સિદ્ધદશામાં પણ હોય છે. જુઓ, આ વ્યવહાર સ્થપાય છે કે ઉથાપાય છે? પરંતુ એ વ્યવહારના લક્ષે ધર્મ થતો નથી, ધર્મ તો શુદ્ધ નિશ્ચયસ્વરૂપના જ લક્ષે થાય છે.

કઈ ક્રિયાથી મોક્ષ થાય? હું જડની ક્રિયાનો તો કરનાર નહિ, વિકારનો કર્તા પણ નહિ, મોક્ષમાર્ગની અવસ્થા જેટલો પણ હું નહિ. સદા એકરૂપ પૂરા જ્ઞાનસ્વભાવે હું છું, બંધ અને મોક્ષ એવા બે પડખાં મારા સ્વરૂપમાં નથી.—એમ નિશ્ચયસ્વરૂપના અવલંબને જે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ ક્રિયા થાય તે જ મોક્ષનું કારણ છે. નિશ્ચયસ્વરૂપના જોરે જેટલો રાગ તૂટીને નિર્મળભાવ પ્રગટ્યો તેટલો વ્યવહાર છે. વ્યવહાર તો ક્ષણિક પર્યાયરૂપ અને ભંગભેદરૂપ છે, તેના લક્ષે એકાગ્ર થવાથી સમ્યગ્દર્શન થતું નથી. નિશ્ચય તો ત્રિકાળ એકરૂપ અભેદસ્વરૂપ છે, તેના લક્ષે એકાગ્ર થવાથી સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન પોતે શ્રદ્ધાગુણની નિર્મળ અવસ્થા છે, અને અવસ્થા તો અભૂતાર્થ છે, તેનો આશ્રય કરે (અર્થાત્ પર્યાય જેટલું આત્મસ્વરૂપ માને) તે પર્યાયમૂઢ મિથ્યાદૃષ્ટિ છે. ત્રિકાળ એકરૂપ પરમ પારિણામિકસ્વભાવ જ આદરણીય છે, તેની શ્રદ્ધા તે જ સમ્યગ્દર્શન છે. આ વાત અત્યંત નિકટ ભવ્ય જીવોને માટે છે, જેને ચોરાશીના અવતારમાં રખડવું હોય તેવા જીવોને માટે આ વાત નથી.

**ઢાંકે પ્રકાશ રવિનો, શશિતુલ્ય રમ્ય, મોતી સમૂહ રચનાથી દીપાયમાન;**
**એવાં પ્રભુજી તમને ત્રણ છત્ર શોભે, ત્રૈલોકનું અધિપતિપણું તે જણાવે. ૩૧.**

જીવ-અજીવાદિ નવ તત્ત્વો છે તે દરેકનું સ્વરૂપ જુદું જુદું છે. જીવતત્ત્વ અજીવતત્ત્વનું કાંઈ કરી શકે નહિ. પુણ્યતત્ત્વ અને જીવતત્ત્વ જુદાં છે; પુણ્યથી સંવર-નિર્જરા થતાં નથી. મોક્ષતત્ત્વ તે પણ જીવતત્ત્વ નથી; મોક્ષતત્ત્વ ક્ષણિકપર્યાય છે ને જીવતત્ત્વ ત્રિકાળીદ્રવ્ય છે.—આ પ્રમાણે નવ તત્ત્વના લક્ષે તેને યથાર્થ જાણે ત્યારે તો નવ તત્ત્વની શ્રદ્ધા થઈ કહેવાય એટલે કે વ્યવહાર શ્રદ્ધા ચોકખી થઈ કહેવાય. પણ તે પુણ્યપરિણામ છે, ધર્મ નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માને અને પંચમહાવ્રત ચોકખાં પાળે તે બધોય પુણ્યમાર્ગ છે—સંસારમાર્ગ છે, તેમાં ક્યાંય મુક્તિનો માર્ગ નથી, તે વ્યવહાર શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનાં પરિણામ હું નથી, હું તો એકરૂપ સહજ જ્ઞાનમય વીતરાગસ્વરૂપ છું—આવી શ્રદ્ધા તે મોક્ષમાર્ગ છે. જગતમાં પુણ્ય બાંધવાના પ્રકાર તો ઘણા છે પણ ધર્મનો માર્ગ એક જ છે, ને તે અત્યંત દુર્લભ છે.

એક તત્ત્વમાં બીજા તત્ત્વની અસ્તિ ન હોય. એક તત્ત્વમાં બીજા તત્ત્વની, તેના ગુણની કે તેના પર્યાયની નાસ્તિ છે. આત્મામાં જડની નાસ્તિ છે, આત્મા ત્રણકાળ ત્રણલોકમાં જડની અવસ્થા ન કરી શકે. આટલું નક્કી કર્યા પછી પણ 'હું જીવ છું—અજીવ નથી' ઈત્યાદિ પ્રકારે નવ તત્ત્વના વિકલ્પોમાં એકતાબુદ્ધિ કરીને અટકે ત્યાં સુધી મિથ્યાત્વ જ છે. નવ તત્ત્વના આશ્રયે શ્રદ્ધા કરે તો વિકલ્પો સાથેની એકત્વબુદ્ધિ રહે છે, અને શુદ્ધ ચૈતન્યસ્વભાવનો અનુભવ થતો નથી. હું જીવ છું એવો વિકલ્પ તે રાગ છે. આ અજીવ છે—તે હું નથી એવા વિકલ્પમાં દ્વેષ છે, પુણ્ય-પાપ બંને આસ્રવો છે તે હું નથી, આસ્રવને રોકવો તે સંવર છે, શુદ્ધતાની વૃદ્ધિ અને કર્મોનો અંશે નાશ તે નિર્જરા છે, સંપૂર્ણ શુદ્ધતા પ્રગટે તે મોક્ષ છે——આમ નવ તત્ત્વોના વિચાર કરવા તે પણ માત્ર પુણ્યપરિણામ છે, તેમાં ધર્મ નથી. નવ તત્ત્વના આશ્રયે શુદ્ધ જીવતત્ત્વની શ્રદ્ધા થતી નથી. માત્ર નવ તત્ત્વના ભેદના વિકલ્પથી શુદ્ધ જીવને શ્રદ્ધવો તે મિથ્યાત્વ છે. પણ જો અભેદ એકરૂપ ચૈતન્યસ્વભાવનો આશ્રય રાખીને નવ તત્ત્વોનું જ્ઞાન કરે તો તે સમ્યગ્જ્ઞાન છે. અહીં આચાર્યભગવાને કહ્યું કે અત્યંત નિકટ ભવ્ય જીવોને એકરૂપ ત્રિકાળી શુદ્ધ આત્મા કે જે અંતર્તત્ત્વ છે તે જ આદરણીય છે, નવ તત્ત્વો વગેરે બહિર્તત્ત્વો છે તે હેય છે.

(ક્રમશઃ)

ગંભીર ઊંચ સ્વરથી પુરી છે દિશાઓ, ત્રૈલોક્ને સરસ સંપદ આપનારો;
સદ્ધર્મરાજ જયને કથનાર ખુલ્લો, વાગે છે દુંદભી નભે યશવાદી તારો. ૩૨.



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે વસ્તુના ત્રણેય કાળ વિષે કાર્ય-કારણભાવનો નિશ્ચય કરે છે :—

**कारणकज्जविसेसा, तीसु वि कालेसु होंति वत्थूणं ।**
**एक्केक्कम्मि य समए, पुव्वुत्तरभावमासिज्ज ॥२२३॥**

અર્થ :—વસ્તુઓના પૂર્વ તથા ઉત્તર પરિણામને પ્રાપ્ત થઈને ત્રણે કાળમાં એકે એક સમયમાં વસ્તુના કારણ-કાર્યના વિશેષ (ભેદ) હોય છે.

ભાવાર્થ :—વર્તમાનસમયમાં જે પર્યાય છે તે પૂર્વસમય સહિત વસ્તુનું કાર્ય છે. એ જ પ્રમાણે સર્વ પર્યાયો જાણવી. એ રીતે પ્રત્યેક સમય કાર્ય-કારણભાવરૂપ છે.

જુઓ, પ્રત્યેક સમયમાં કારણ અને કાર્યપણું અનાદિ-અનંત વર્તી રહ્યું છે. પૂર્વ પર્યાયની અપેક્ષાએ વર્તમાન પર્યાયરૂપ દ્રવ્ય, કાર્ય છે અને પૂર્વ પર્યાયની અપેક્ષાએ તે કારણ છે. એક જ સમયમાં પૂર્વની અપેક્ષાએ કાર્ય અને પછીની અપેક્ષાએ કારણ છે. જેમ લાકડી સીધી હતી, તે આડી થઈ ત્યાં પહેલાંની સીધી પર્યાયરૂપ પરિણમેલા પરમાણુ, તે તેનું કાર્ય છે અને પછી જે પર્યાય થઈ, તેનું વર્તમાન પર્યાયથી પરમાણુ કારણ છે. આ પ્રમાણે એક જ સમયમાં કારણ-કાર્ય વર્તી રહ્યા છે અને આવી કારણ-કાર્યની ધારા અનાદિ-અનંત ચાલી રહી છે.

મિથ્યાદર્શનરૂપ પરિણમેલો જીવ બીજા સમયે સમ્યગ્દર્શન પામ્યો ત્યાં પહેલાંની પર્યાયરૂપ પરિણમિત થયેલો જીવ, તે બીજી પર્યાયનું કારણ છે પરંતુ તેમાં મિથ્યાત્વનો અભાવ થઈ સમ્યક્ પરિણામ પ્રગટ થયા છે, માટે તેને કારણ કહેવું વ્યવહાર છે. નિશ્ચયથી તો વર્તમાન સમ્યગ્દર્શન પર્યાય પ્રગટ થઈ, તે પર્યાય ધ્રુવદ્રવ્યના અવલંબનથી પ્રગટ થઈ છે, માટે નિશ્ચયથી તો ધ્રુવકારણપરમાત્મા/પરમપારિણામિક દ્રવ્ય જ સમ્યગ્દર્શનનું કારણ છે અને નિશ્ચયથી તો ધ્રુવ દ્રવ્ય જ મોક્ષનું કારણ છે. અહીં ધ્રુવ અને વર્તમાન બંનેને સાથે રાખીને કારણ-કાર્યની વાત કહી છે કે પૂર્વ પર્યાયમાં વર્તતું દ્રવ્ય, કારણ છે અને પછીની પર્યાયરૂપ થયેલ દ્રવ્ય, તે તેનું કાર્ય છે અને તે પછીની

> મંદાર સુંદર નમેરુજ પારિજાતે, સંતાનકાદિ ફુલની બહુ વૃષ્ટિ ભારે;
> પાણીકણે સુરભિ મંદ સમીર પ્રેરે, શું દિવ્ય વાણી તુજ સ્વર્ગ થકી પડે તે. ૩૩.

પર્યાયનું કારણ છે. આ પ્રકારે કારણ અને કાર્યની સંધિ અનાદિથી ચાલ્યા જ કરે છે.

જુઓ, પૂર્વ પર્યાયનો વ્યય થયો અને નવી પર્યાયનો ઉત્પાદ થયો, તેમાં દ્રવ્ય તો ધ્રુવ રહ્યું. ત્યાં પૂર્વ પર્યાયમાં વર્તતું દ્રવ્ય, કારણરૂપ છે, પછીની પર્યાયમાં વર્તતું દ્રવ્ય, કાર્યરૂપ છે. આ પ્રકારે સમસ્ત દ્રવ્યોમાં પ્રતિસમય કારણ-કાર્ય વર્તી રહ્યું છે તેમાં અન્ય શું કરે ?

જુઓ, આ સંતોની રચના !! જંગલમાં અંતરસ્વભાવની શાંતિમાં ઝૂલતા-ઝૂલતા વિકલ્પ ઉત્પન્ન થયા અને શાસ્ત્રોની રચના થઈ ગઈ. ત્યાં પણ દરેક અક્ષર પોતાની પૂર્વ પર્યાયમાં રહેલાં પરમાણુનું કાર્ય છે અને તે પરમાણુ તેનું કારણ છે. મારા કારણે અક્ષરની પર્યાય થતી નથી અને તે અક્ષર મારું કાર્ય નથી. જુઓ, આ વીતરાગતા !

જગતના પ્રત્યેક પદાર્થમાં, પ્રત્યેક સમયે તેનો સ્વભાવથી જ કારણ-કાર્યરૂપ પરિણમન થઈ રહ્યું છે. તેમાં અન્ય શું કરી શકે ? નિમિત્તરૂપ વસ્તુનું કારણ-કાર્ય નિમિત્તમાં છે અને ઉપાદાનનું કારણ-કાર્ય ઉપાદાનમાં છે. ભાઈ ! આમાં મહાન સિદ્ધાંત સમાયેલો છે. હું પરજીવની દયાપાલન કરી તેમને બચાવું છું—એમ માનવાવાળાએ વસ્તુના કારણ-કાર્યને જાણ્યું નથી. ભાઈ ! પરજીવની પર્યાય તેના કારણ-કાર્યથી થાય છે, તેનો પૂર્વ સમયનો ભાવ કારણરૂપ છે અને પછીનો ભાવ કાર્યરૂપ છે; તેમાં તારું કારણ-કાર્યપણું નથી. તારું કારણ-કાર્ય તારામાં છે અને પરનું કારણ-કાર્યપણું પરમાં છે.

પદાર્થોમાં પૂર્વ સમયવર્તી, તે કારણ અને ઉત્તર સમયવર્તી, તે કાર્ય—એમ કારણ-કાર્યની અવિચ્છિન્ન શ્રૃંખલા ચાલ્યા જ કરે છે. દરેક પદાર્થ સમાન્ય-વિશેષરૂપ છે, તેમાં કોઈ કોઈનું કારણ નથી. સામાન્યનું કારણ તેનું વિશેષ છે—એમ કહેવામાં આવે તો વિશેષધર્મની હાનિ/વૃદ્ધિ થાય છે. ખરી રીતે બંને ધર્મ એટલે કે સામાન્ય અને વિશેષ નિરપેક્ષ છે—એમ નિરપેક્ષતાના સ્વીકારપૂર્વક એક-બીજાની અપેક્ષા લગાડવામાં આવે છે કે આ વિશેષ કોનું ? આ સામાન્યનું આ વિશેષ છે. એક જ વસ્તુમાં સામાન્યપણું અને વિશેષપણું એકસાથે રહેલું છે. વસ્તુની પર્યાય પોતાના કારણે થાય છે, પરથી નિરપેક્ષ છે—આમ સ્વતઃસિદ્ધ માન્યા વિના વસ્તુસ્વરૂપ સિદ્ધ થતું નથી. સ્વતઃસિદ્ધ વસ્તુસ્વરૂપના સ્વીકારપૂર્વક નિમિત્તનું જ્ઞાન કરવું તો યોગ્ય છે, વસ્તુની પોતાની પૂર્વ અને ઉત્તરપર્યાયના આશ્રયથી જ તેમાં કારણ-કાર્ય અનાદિ-અનંત ચાલી જ રહ્યું છે.

**શોભે વિભો પ્રસરતી તુજ કાન્તિ હારે, ત્રૈલોકના દ્યુતિ સમૂહની કાન્તિ ભારે;**
**તે ઉગતા રવિસમી બહુ છે છતાંયે, રાત્રિ જીતે શીતલ ચંદ્ર સમાન તેજે. ૩૪.**

જુઓ ! આ લોકભાવનાનું વર્ણન છે. લોકમાં છ દ્રવ્ય છે, તે દરેક સમયે નવી-નવી પર્યાયરૂપ પરિણમે છે. પૂર્વ અવસ્થા સહિત દ્રવ્ય, તે નવીન અવસ્થાનું કારણ છે. આ પ્રકારે વસ્તુમાં ત્રણેકાળે દરેક સમયે કારણ-કાર્યપણું છે. આમ તો પૂર્વ પરિણામનો વ્યય થઈને, નવીન પરિણામ થાય છે. પૂર્વ સમયમાં અસ્તિરૂપ પરિણામ છે, તેનો બીજા સમયમાં નાશ થાય છે. દ્રવ્યની નિરંતરતાની અપેક્ષા પૂર્વ પર્યાયને ઉત્તર પર્યાયનું કારણ કહ્યું છે. પૂર્વ પર્યાયમાં વસ્તુ હતી, તે વસ્તુની સાથે પરિણામની સંધિ છે એટલે પૂર્વ પરિણામયુક્ત વર્તતું દ્રવ્ય કારણ છે અને ઉત્તર પરિણામયુક્ત વર્તતું દ્રવ્ય કાર્ય છે. દ્રવ્યના પરિણામની ધારા તૂટતી નથી. આ પ્રમાણે દ્રવ્યને અખંડપણે રાખીને, પરિણામના કારણ-કાર્યની વાત કહેવામાં આવી છે. પરિણામનો વ્યય થઈ જાય છે પરંતુ દ્રવ્ય ધ્રુવ રહે છે. ધ્રુવ દ્રવ્યની સાથે પરિણામની સંધિ તૂટતી નથી.

દ્રવ્ય કથંચિત્ પરિણામી છે. દ્રવ્ય અને પરિણામ સર્વથા ભિન્ન નથી. દરેક દ્રવ્ય પોતે જ પોતાના કારણ-કાર્યરૂપે વર્તી રહ્યું છે, તેમાં અન્ય શું કરે ? અનાદિથી દ્રવ્યના પરિણામમાં કારણ-કાર્યનો પ્રવાહ ચાલી જ રહ્યો છે. એક પરમાણુનું કારણ બીજા પરમાણુના કાર્યરૂપ પરિણમિત નથી થતું. જીવનું કારણ શરીરના પરમાણુ કાર્યરૂપ પરિણમિત નથી થતા તથા શરીરના કારણે જીવમાં સમ્યગ્દર્શન આદિ કાર્ય પણ નથી થતું. પૂર્વ પરિણામથી પરિણમિત આત્મા જ ઉત્તર પરિણામરૂપ પરિણમિત થાય છે, માટે આત્માનું કારણ-કાર્ય આત્મામાં જ છે, આત્માનું કારણ-કાર્ય બહારમાં નથી—એમ સ્વતંત્ર વસ્તુસ્વરૂપ છે.

દરેક વસ્તુ પોતે જ પોતાના પરિણામ સહિત કાર્ય-કારણરૂપ વર્તે છે. કર્મના પરમાણુ પહેલાં અન્ય અવસ્થારૂપ હતા, પછી કર્મરૂપ પરિણમિત થયા, ત્યાં તે પરમાણુ જ તેનું કારણ છે. જીવના વિકારને કારણે કર્મની અવસ્થા થઈ નથી તથા કર્મને કારણે જીવની વિકારી અવસ્થા થઈ નથી; પરંતુ પૂર્વ અવસ્થામાં વર્તતો જીવ જ કારણ થઈને ઉત્તર અવસ્થારૂપ પરિણમિત થાય છે.

જગતની પ્રત્યેક વસ્તુ પોતે જ પોતાનું કાર્ય કરતી થકી પરિણમે છે. કોઈ એમ કહે કે હું પરનું કાર્ય કરી શકું તો તે જીવ મૂઢ છે, તેણે વસ્તુસ્વરૂપને જાણ્યું જ નથી. ભાઈ ! આ તો વસ્તુના સ્વરૂપનું વર્ણન છે. લોકમાં જેટલા દ્રવ્ય છે, તે બધા દ્રવ્યોમાં પ્રતિસમય પૂર્વ પર્યાય સહિત દ્રવ્ય, કારણરૂપ છે અને ઉત્તર પરિણામરૂપ દ્રવ્ય, કાર્ય છે.

**જે સ્વર્ગ-મોક્ષસમ માર્ગ જ શોધી આપે, સદ્ધર્મ તત્ત્વકથવે પટુ ત્રૈણ લોકે;**
**દિવ્યધ્વનિ તુજ થતો વિશદાર્થ સર્વ, ભાષા-સ્વભાવ-પરિણામ ગુણોથી યુક્ત. ૩૫.**

જેમ પાટા ઉપર રેલગાડી દોડે છે તો ત્યાં પાટાને કારણે રેલગાડી દોડતી નથી કે એન્જિનને કારણે ડબ્બા દોડતા નથી. રેલગાડીના ડબ્બાના દરેક રજકણ સ્વતંત્રરૂપથી પોતાના કારણે જ પૂર્વ પર્યાયનો વ્યય કરીને નવીન પર્યાયરૂપ પરિણમે છે.

આ પ્રકારે શિષ્યના આત્માને જ્ઞાન થયું, તેમાં ગુરુ નિમિત્ત છે, ગુરુની વાણી, તે બાહ્ય નિમિત્ત અને ગુરુનો આત્મા ઉપચારથી અંતરંગ નિમિત્ત છે—એમ નિયમસારમાં કહ્યું છે. આ કથન તો જ્ઞાનીની મુખ્યતા બતાવવા નિમિત્તથી કરેલ છે પરંતુ શિષ્યનો આત્મા, ગુરુના કારણે પરિણમતો નથી. શિષ્યનો આત્મા, પોતાની પૂર્વ અવસ્થાનો વ્યય કરીને, નવીન અવસ્થારૂપ પોતે જ પરિણમિત થાય છે. આ પ્રકારે જાણવાવાળાને નિમિત્ત, વિકાર અને પર્યાયદૃષ્ટિ ન રહેવાથી પર્યાયવાન દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય છે. પરિણામ સહિત દ્રવ્ય જ કારણકાર્યરૂપ પરિણમિત થાય છે—એમ જેણે નિશ્ચય કર્યો, તેને જ્ઞાયકદ્રવ્યની પ્રતીતિ થઈ.

અરે ! પહેલા વસ્તુસ્વરૂપ જેવું હતું, તેવું સમજીને તેની હા પાડીને, અભ્યાસ કરવાથી જ સત્ય સમજમાં આવે છે. દરેક દ્રવ્ય, સામાન્ય-વિશેષરૂપ છે, તે પ્રમાણ-જ્ઞાનનો વિષય છે અને દ્રવ્યાર્થિકનયના વિષયમાં સામાન્ય દ્રવ્ય છે, તેમાં પર્યાયની ગૌણતા છે. જ્યાં સામાન્યદ્રવ્યને લક્ષમાં લીધો, ત્યાં વર્તમાન પર્યાય, દ્રવ્યસન્મુખ થઈ ગઈ. પૂર્વ-ઉત્તર પરિણામ, પર્યાયાર્થિકનયનો વિષય છે. સામાન્ય દ્રવ્ય, દ્રવ્યાર્થિકનયનો વિષય છે તથા પરિણામ સહિત દ્રવ્ય, પ્રમાણજ્ઞાનનો વિષય છે. આ પ્રકારે દ્રવ્યને જાણવાથી અંતરંગ સ્વભાવની દૃષ્ટિ થયા વગર રહેતી નથી. ભાઈ ! તું તારામાં સમાઈ જા, ત્યાં નિમિત્ત નિમિત્તના કારણે પરિણમતો આવીને ઊભો રહેશે. નિમિત્ત હોવા છતાં પૂર્વ પરિણામ સહિત દ્રવ્ય જ કારણરૂપ છે અને ઉત્તર પરિણામ સહિત દ્રવ્ય કાર્યરૂપ છે. વસ્તુની આવી જ સ્વતંત્રતા છે. (ક્રમશઃ)

---

(અનુસંધાન પેજ નં. ૨૫ થી ચાલુ)

ને જેટલું પરોક્ષપણું રહ્યું છે તેમાં નય પડે છે. શ્રુતજ્ઞાન સર્વથા પરોક્ષ જ નથી, સ્વસંવેદનમાં તે અંશે પ્રત્યક્ષ છે; એવા સ્વસંવેદન પૂર્વક જ સાચા નયો હોય છે. શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનની જેમ સકલ પદાર્થોને ભલે ન જાણે, પણ પોતાના વિષયને યોગ્ય પદાર્થને સકળ કાળ ક્ષેત્ર સહિત પૂરો ગ્રહણ કરે છે, ને તેમાં એકદેશરૂપ નય હોય છે.

**ખીલેલ હેમ કમળો સમ કાન્તિવાળા, ફેલી રહેલ નખ-તેજ થકી રૂપાળા;**
**એવા જિનેન્દ્ર તુમ પાદ ડગો ભરે છે, ત્યાં કલ્પના કમળની વિબુધો કરે છે. ૩૬.**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૯, ગાથા ૧૧)

## ૮૪ના અવતારમાં રખડતા પાગલ જીવને ડાહ્યા કરવાની રીત શું?

સમ્યગ્દષ્ટિને પંચ પરમેષ્ઠી દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે પ્રેમ ને એનાથી વિરુદ્ધ કુગુરુ-કુદેવ-કુશાસ્ત્ર પ્રત્યે દ્વેષનો અંશ છે, પણ એ રાગ અને દ્વેષ પોતાના જ્ઞાતાનું જ્ઞેય છે. તેને પોતાના માનતો નથી, પોતાથી થયા માનતો નથી ને તેનાથી લાભ માનતો નથી. વ્યવહાર સમકિત છે પણ તે જ્ઞાનનું જ્ઞેય છે. રાગ છે તો મને લાભ છે, રાગ કર્યો તો ઠીક કર્યું એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે. ધર્મીને જ્યાં સુધી અસ્થિરતા છે ત્યાં સુધી રાગ રહે છે અને દ્વેષનો અંશ પણ રહે છે પણ સ્વરૂપમાં એકત્વ નથી કરતા અને અજ્ઞાની તો એમાં જ પડ્યો રહે છે કે રાગ કર્યો તે ઠીક કર્યું.

આત્મા સચ્ચિદાનંદ જ્ઞાતાસ્વરૂપ છે. આત્મામાં એવી કોઈ ચીજ નથી જે રાગ કરવા લાયક હો અને કોઈ એવી ચીજ પણ નથી જે દ્વેષ કરવા લાયક હો. વળી જે ચીજ અનંત છે એમાં બે ભાગ નથી કે આ ઈષ્ટ છે ને આ અનિષ્ટ છે—એમ બે ભાગ નથી. એ તો જ્ઞેય તરીકે જગતના પદાર્થ છે. પોતાના સ્વરૂપનું ખૂન કરવાવાળો મિથ્યાદૃષ્ટિ જીવ હું જ્ઞાન છું એમ નહીં માનીને, જગતની ચીજને, જ્ઞેય તરીકે એકરૂપે જાણવી જોઈએ એના બે ભાગ પાડી દે છે. આ અનુકૂળ એ ઠીક છે અને પ્રતિકૂળ એ અઠીક છે એના રાગદ્વેષ કરે છે. સમ્યગ્દષ્ટિને જે રાગદ્વેષ હોય છે તે ચીજને ઠીક-અઠીક માનીને જ્ઞેયના બે ભાગ પાડીને રાગ-દ્વેષ કરતા નથી. અહીં તો આચાર્ય ખૂબ જ સૂક્ષ્મ રાગ-દ્વેષની વ્યાખ્યા કરે છે. જ્ઞાનીને-ધર્મીને લડાઈના ભાવ પણ આવે છે અને ૯૬ હજાર રાણીઓનો ભોગ લેવાની વૃત્તિ પણ હોય છે પણ તે વૃત્તિની વાસના મને ઠીક છે એમ નથી. એ વૃત્તિથી ભિન્નપણું કરી નાખ્યું છે. જ્ઞાનાનંદમાં એકત્વ થઈને રાગથી ભિન્નતા કરી દીધી છે. તેથી તે સમયમાં પણ ધર્મી રાગથી પૃથક્ છે ને સ્વભાવથી એકત્વ છે.

અજ્ઞાની પરચીજ પ્રત્યેના રાગના સમયમાં રાગ ને જ્ઞાનને એક માનીને પરચીજમાં બે ભાગ પાડે છે, તે મિથ્યાદૃષ્ટિનો રાગ છે. અજ્ઞાનીને રાગ ને દ્વેષ એકસાથે છે ને જ્ઞાનીને જ્ઞાતાદ્રષ્ટાપણું એકસાથે છે. હું આત્મા જ્ઞાનાનંદમૂર્તિ છું એવું ભાન છે ત્યાં

**એવી જિનેન્દ્ર થઈ જે વિભૂતિ તમોને, ધર્મોપદેશ સમયે નહિ તે બીજાને;**
**જેવી પ્રભા તિમિરહારી રવિતણી છે, તેવી પ્રકાશિત ગ્રહોની કદિ બની છે? ૩૭.**

રાગ અને દ્વેષ શક્તિ-વ્યક્તિરૂપે છે જ નહીં. જ્ઞાની પર ચીજમાં ભેદ નથી પાડતા, બે ભાગ નથી કરતા જ્ઞેય તરીકે જાણે છે.

આ તો દિગંબર સાધુ થઈને અનંતવાર નવમી ગ્રૈવેયકમાં ગયો, પરંતુ શું થયું ? મિથ્યાદૃષ્ટિ હતો. શ્રાવક પણ અનંતવાર થયો પણ વિકલ્પ-રાગ આવ્યો તે હું ઠીક કરું છું, મારું આચરણ છે, મારું કર્તવ્ય છે એવું માનવાવાળો મિથ્યાદૃષ્ટિ છે. અંદર ચૈતન્યશક્તિનો ભંડાર ભર્યો છે, આનંદનો ભંડાર, જ્ઞાનનો ભંડાર ભર્યો છે. કેવળજ્ઞાન પ્રગટ કરી શકે છે એટલી એમાં તાકાત છે, શું રાગ-દ્વેષ અંદરમાં ભર્યો છે ? પરપદાર્થ રાગ-દ્વેષ નથી કરાવતા તથા આત્મામાં રાગ-દ્વેષ છે નહીં અને પરમાં જે રાગ-દ્વેષ કરે છે તે પાગલ મિથ્યાદૃષ્ટિ છે.

અહીં તો આચાર્ય મહારાજ કહે છે કે ભગવાન! તારી મૂડીમાં, પૂંજીમાં સ્વરૂપમાં રાગ-દ્વેષ બિલકુલ નથી અને બીજી ચીજ તને રાગ-દ્વેષ કરાવે એવી એનામાં તાકાત નથી. પણ તારા સ્વભાવના જ્ઞાતાપણાને છોડીને અજ્ઞાનના કારણે લાંબી દોરી ચલાવે છે. આ ઠીક છે, આ અઠીક છે એવું અનંતકાળથી રાગ-દ્વેષનું મંથન કર્યું છે. પોતાના જ્ઞાતાદૃષ્ટા સ્વભાવમાં ડૂબવું જોઈએ, જ્ઞાનાનંદમાં આવવું જોઈએ. એને છોડી અજ્ઞાની રાગ-દ્વેષમાં ડૂબી ગયો છે. એનાથી તરવું દુસ્તર-મુશ્કેલ થઈ ગયું છે. જ્ઞાનાનંદ સ્વભાવમાં વિકલ્પનું ઉત્થાન છે જ નહીં, તેમાં પર પદાર્થનો તો ત્રિકાળ અભાવ છે તથા એમાં શુભાશુભ પરિણામ ઊઠે છે એનો પણ અભાવ છે—એમ જ્ઞાનમાં એકાગ્ર થઈને વિકલ્પને પૃથક્ કરવો તે જ આત્માના હિતનો ઉપાય છે, બીજો કોઈ ઉપાય છે નહીં.

શરીર આદિ ઠીક હો તો પરોપકાર કરી શકું, સેવા કરી શકું—આવું માનનાર મૂઢ છે. શરીર તો જડ છે, શરીરની ક્રિયા છે તે જડની ક્રિયા છે, તે ક્રિયાને તું કરે તો શરીર ને આત્મા એક થઈ જાય, પણ એમ તો થતું નથી. અજ્ઞાનથી શરીર આદિમાં આત્મભ્રાંતિથી અતિ દીર્ઘકાળ સુધી પરિભ્રમણ કરે છે. અનાદિ સંસારથી એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધી શરીરાદિને પોતાનું માને છે, આત્મભ્રાંતિથી શરીર પ્રત્યે એકત્વબુદ્ધિ છે, રાગ પ્રત્યે એકત્વબુદ્ધિ છે. એ કારણથી અનંતભવ કરે છે. એમ સાધુ ત્યાગી થઈને પણ રાગથી મને લાભ થશે એમ રાગથી એકત્વબુદ્ધિ કરે તે મિથ્યાત્વભાવ છે, તે મિથ્યાત્વબુદ્ધિ પરિભ્રમણનું કારણ છે, પરિભ્રમણનું મૂળ છે. તેના લીધે ઘણા લાંબા સમય સુધી સંસારમાં રખડ્યા કરે છે.

**વ્હેતા મદે મલિન ચંચળ શિર તેવો, ગુંજારવે ભ્રમરના બહુ ક્રોધી એવો;**
**ઐરાવતે તુલિત ઉદ્ધત હાથી સામે, આવેલ જોઈ તુમ આશ્રિત ભો ન પામે. ૩૮.**

પોતાના સિવાય બીજી ચીજમાં ઈષ્ટપણું માનીને મૂઢ પ્રાણી એના ઉપર રાગ કરે છે તથા અનિષ્ટ વસ્તુમાં અપ્રીતિ થવાને કારણે દ્વેષ કરે છે. શરીરમાં રોગ થયો પણ એ તો જડની પર્યાય છે. શરીરમાં રોગ થયો અને સેવા કરવાવાળો બરાબર હોય તો પરિણામ સારા રહે. મૂઢ ! પરના કારણે તારા પરિણામ સારા રહે ? મિથ્યાદષ્ટિથી તેં આત્માનું ખૂન કર્યું છે.

બાપુ, ભાઈ ! તારો આત્મા પરવસ્તુમાં કોઈ ભાગ પાડીને અને થોડામાં થોડી નાની ચીજમાં પણ પ્રેમ કરવા લાયક છે, રક્ષા કરવા લાયક છે એમ માને તો બીજી ચીજ દ્વેષ કરવાલાયક છે એમ થયું—એ ભાવને મિથ્યાત્વભાવ કહે છે. આવા ઉપદેશનું નામ ઈષ્ટોપદેશ છે.

પોતાના જ્ઞાન-દર્શન સ્વભાવને છોડીને રાગ ઠીક છે એવા મિથ્યાદષ્ટિના રાગમાં રાગની વ્યક્તતા છે ને દ્વેષ શક્તિરૂપે પડ્યો જ છે તથા ધર્મના વિરોધીને મારવો એવા દ્વેષભાવ વખતે બીજા પ્રત્યેનો રાગ શક્તિરૂપે પડ્યો જ છે. જેમ જ્ઞાનીને જ્ઞાતાપણું કાયમ રહે છે, પરમાં ઠીક-અઠીકપણું હોતું જ નથી તેમ અજ્ઞાનીને હંમેશા રાગ-દ્વેષ ઠીક છે એવું અજ્ઞાનપણું હોય છે.

તેથી આચાર્યદેવે રાગ-દ્વેષ બંનેને જોડી બતાવી છે. જેણે જ્ઞેયોમાં ઠીક-અઠીકપણારૂપ બે ભાગ પાડી દીધા ને જ્ઞાનમાં પણ ખંડ પાડ્યો તેમાં બધા જ દોષ આવી જાય છે. મિથ્યાત્વનો દોષ, અનંતાનુબંધીનો દોષ, કર્તા, ભોક્તા આદિનો દોષ બધા જ દોષ એમાં આવી જાય છે એવો બગાડ તે અજ્ઞાનીને થાય છે. એમ શિષ્યના ઉત્તરરૂપે કહ્યું....　　　　　　　　　　　　　　　　　　(ક્રમશઃ) ❊

---


(અનુસંધાન પેજ નં. ૧૯ થી ચાલુ)　　　　(છઢાળા - પ્રવચન)

છે. જુઓ, શરૂઆતથી જ વીતરાગવિજ્ઞાનને મોક્ષના કારણ તરીકે બતાવ્યું; પણ શુભરાગ તે મોક્ષનું કારણ છે—એમ ન કહ્યું. આ રીતે મોક્ષના કારણરૂપ એવા વીતરાગવિજ્ઞાનને જ સારરૂપ સમજીને તેને હું નમસ્કાર કરું છું; 'સાવધાનીથી' એટલે કે તે તરફના ઉદ્યમપૂર્વક નમસ્કાર કરું છું. રાગથી જુદો પડીને અને શુદ્ધસ્વભાવની સન્મુખ થઈને, આવી નિશ્ચય સાવધાનીપણે એટલે નિર્મોહીપણે સર્વજ્ઞને નમસ્કાર કરું છું; ને બહારના શુભરાગના નિમિત્તરૂપ મન—વચન—કાયાની સાવધાની છે.　　　　　　　　(ક્રમશઃ) ❊

**ભેદી ગજેન્દ્ર શિર શ્વેત રુધિરવાળા, મોતી સમૂહ થકી ભૂમિ દીપાવી એવા;**
**દોડેલ સિંહ તણી દોટ વિષે પડે જે, ના તુજ પાદ–ગિરિ આશ્રયથી મરે તે. ૩૯.**




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(મંગલાચરણ)

ૐ

### મંગલાચરણમાં વીતરાગવિજ્ઞાનને નમસ્કાર


આ પુસ્તકનું નામ 'છ–ઢાળા' છે. આમાં જુદા જુદા છ પ્રકારના ઢાળ (છંદ–દેશી)માં છ પ્રકરણ છે. ૧–ચોપાઈ, ૨–પદ્ધરી, ૩–જોગીરાસા, ૪–રોલા છંદ, ૫–ચાલ અને ૬–હરિગીત, એ પ્રમાણે છ પ્રકારના ઢાળમાં છ પ્રકરણો છે. અથવા, મિથ્યાત્વાદિ શત્રુઓથી આત્માની રક્ષા કરવાના ઉપાયનું આમાં વર્ણન છે એટલે મિથ્યાત્વાદિથી રક્ષા કરવા માટે આ શાસ્ત્ર ઢાળ સમાન છે. પંડિત શ્રી દૌલતરામજીએ પોતાની શક્તિપ્રમાણે શાસ્ત્રોનો નીચોડ કરીને આ છ ઢાળમાં ગાગરમાં સાગરની જેમ ભર્યો છે, પૂર્વાચાર્યોના કથન અનુસાર શાસ્ત્રના રહસ્યની ઘણી વાત આમાં મૂકી છે. સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષાની સંસારઅનુપ્રેક્ષામાં પણ ચાર ગતિનાં દુઃખોનું વર્ણન આવી જ શૈલીથી આવે છે, તેને અનુસરીને આ છ ઢાળામાં લખ્યું હોય એમ લાગે છે. આ છઢાળા પાઠશાળાઓમાં પાઠ્યપુસ્તક તરીકે પણ પ્રસિદ્ધ છે; ઘણા જૈનો તે કંઠસ્થ પણ કરે છે. તેના ઉપર આ પ્રવચનો શરૂ થાય છે. તેમાં પ્રથમ મંગલાચરણમાં વીતરાગવિજ્ઞાનને નમસ્કાર કરે છે—

(સોરઠા)

**तीन भुवनमें सार, वीतराग-विज्ञानता ।**
**शिवस्वरूप शिवकार, नमहुं त्रियोग सम्हारिकैं ॥१॥**

આ સોરઠીયો રાગ છે; રાણકદેવીના સોરઠા સૌરાષ્ટ્રમાં પ્રખ્યાત છે; તેમાં ગિરનારને સંબોધીને તે કહે છે કે 'મા પડ મારા વીર...ચોસલા કોણ ચડાવશે?' તેમ આ શ્લોકમાં સોરઠા–રાગ છે, તેની ગાવાની ખાસ હલક છે. શાસ્ત્રકાર આ મંગળ શ્લોકમાં અરિહંત ભગવાનના વીતરાગ–વિજ્ઞાનને નમસ્કાર કરતાં કહે છે કે–વીતરાગ–વિજ્ઞાનરૂપ કેવળજ્ઞાન તે ત્રણ ભુવનમાં સાર છે–ઉત્તમ છે, તે શિવસ્વરૂપ એટલે કે આનંદસ્વરૂપ છે, અને શિવકાર એટલે કે મોક્ષનું કરનાર છે. આવા સારભૂત વીતરાગ–વિજ્ઞાનને હું ત્રણે

**જે જોરમાં પ્રલયના પવને થયેલો, ઓઢા ઉડે બહુ જ અગ્નિ દવે ધીકેલો;**
**સંહારશે જગત સન્મુખ તેમ આવે, તે તુજ કીર્તનરૂપી જળ શાંત પાડે. ૪૦.**




યોગની સાવધાનીપૂર્વક નમસ્કાર કરું છું.

જુઓ, માંગળિકમાં વીતરાગ–વિજ્ઞાનને યાદ કર્યું છે, ચોથા ગુણસ્થાને ધર્મીને ભેદજ્ઞાન થયું ત્યારથી અંશે વીતરાગ વિજ્ઞાન શરૂ થયું છે, ને કેવળજ્ઞાન થતાં પૂર્ણ વીતરાગ વિજ્ઞાન પ્રગટી ગયું છે. આવું વીતરાગી વિજ્ઞાન તે જ મોક્ષનું કારણ છે, તે જ જગતમાં ઉત્તમ અને માંગળિક છે, રાગ તરફની સાવધાની છોડીને અને આવા વીતરાગ–વિજ્ઞાન પ્રત્યે સાવધાન થઈને, તેનો આદર કરીને તેને નમસ્કાર કરીએ છીએ.

વીતરાગવિજ્ઞાનને નમસ્કાર કર્યા તેમાં અનંતા અરિહંત ભગવંતોને નમસ્કાર આવી જાય છે, કેમકે બધાય અરિહંત ભગવંતો, વીતરાગ–વિજ્ઞાનસ્વરૂપ છે. કોઈ એક અરિહંતનું (સીમંધર, મહાવીર વગેરે) નામ ભલે ન લીધું પણ 'વીતરાગ–વિજ્ઞાન' કહ્યું તેમાં બધાય અરિહંતો આવી ગયા; બધાય પંચપરમેષ્ઠી ભગવંતો પણ વીતરાગવિજ્ઞાનરૂપ છે, એટલે વીતરાગવિજ્ઞાનને નમસ્કાર કરતાં તેમાં બધાય પંચપરમેષ્ઠી ભગવંતો આવી ગયા. ગુણ અપેક્ષાએ એક અરિહંતને નમસ્કાર કરતાં સર્વે અરિહંતોને નમસ્કાર થઈ જાય છે.

પં. શ્રી ટોડરમલ્લજીએ પણ મોક્ષમાર્ગપ્રકાશકના મંગલાચરણમાં વીતરાગવિજ્ઞાનને જ નમસ્કાર કર્યા છે—

"મંગલમય મંગલકરણ, વીતરાગ–વિજ્ઞાન;
નમું તેહ, જેથી થયા અરહંતાદિ મહાન."

મંગલમય અને મંગલ કરનાર એવું જે વીતરાગવિજ્ઞાન તેને નમસ્કાર કરું છું–કે જેને લીધે અરિહંતાદિનું મહાનપણું છે. અરિહંતાદિનું પૂજ્યપણું વીતરાગવિજ્ઞાનને લીધે જ છે. અરિહંતાદિનું સ્વરૂપ વીતરાગવિજ્ઞાનમય છે, અને તે ગુણને લીધે જ તેઓ સ્તુતિયોગ્ય મહાન થયા છે. જીવતત્ત્વ તો બધા સરખા છે, પણ રાગાદિ વિકાર વડે અને જ્ઞાનની હીનતા વડે જીવ નિંદાયોગ્ય થાય છે; અને રાગાદિકની હીનતા તથા જ્ઞાનની વિશેષતા વડે જીવ સ્તુતિયોગ્ય થાય છે. અરિહંત તથા સિદ્ધ ભગવંતોને તો રાગાદિનો સર્વથા અભાવ અને જ્ઞાનની પૂર્ણતા હોવાથી તેઓ સંપૂર્ણ વીતરાગવિજ્ઞાનમય છે; અને આચાર્ય–ઉપાધ્યાય–સાધુને એકદેશ વીતરાગતા તથા જ્ઞાનની વિશેષતા હોવાથી તેમને એકદેશ વીતરાગ-

જે રક્ત–નેત્ર, પીકકંઠ સમાન કાળો, ઊંચી ફણે સરપ સન્મુખ આવનારો;
તેને નિઃશંક જન તેહ ઉલંઘી ચાલે, ત્વં નામ નાગદમની દિલ જેહ ધારે. ૪૧.

વિજ્ઞાનપણું છે.—આ રીતે પાંચે પરમેષ્ઠી ભગવંતો વીતરાગવિજ્ઞાનમય હોવાથી પૂજ્ય છે એમ જાણવું.

વીતરાગવિજ્ઞાન તે ત્રણે ભુવનમાં સારરૂપ છે. અધોલોક, મધ્યલોક કે ઊર્ધ્વલોક, નરકમાં, મનુષ્યલોકમાં, કે દેવલોકમાં, ત્રણે ભુવનમાં જીવોને વીતરાગવિજ્ઞાન જ સારરૂપ હિતરૂપ છે, સર્વત્ર તે જ ઉત્તમ છે, તે જ પ્રયોજનરૂપ છે, જેમ 'સમયસાર' એટલે સર્વ પદાર્થોમાં સારરૂપ એવો શુદ્ધાત્મા, તેને સમયસારના મંગળમાં નમસ્કાર કર્યા છે; તેમ અહીં પણ ત્રણે ભુવનમાં સાર એવા વીતરાગવિજ્ઞાનને મંગળરૂપે નમસ્કાર કર્યા છે. અહો, વીતરાગવિજ્ઞાન તે જ જગતમાં સાર છે—તે જ સારું છે, એ સિવાય શુભરાગ કે પુણ્ય તે કાંઈ સારરૂપ નથી, તે ઉત્તમ નથી; રાગ–દ્વેષ–રહિત એવું કેવળજ્ઞાન જ ઉત્તમ અને સારરૂપ છે. ધર્માત્માને કેવળજ્ઞાન જોઈએ છે—એટલે તેને યાદ કરીને વંદન કરે છે ને તેની ભાવના ભાવે છે.

શ્રીમદ્ રાજચંદ્રજી પણ છેલ્લા કાવ્યમાં સર્વજ્ઞપદને યાદ કરતાં કહે છે કે—

ઇચ્છે છે જે જોગીજન અનંત સૌખ્યસ્વરૂપ,
મૂળ શુદ્ધ તે આત્મપદ સયોગી જિનસ્વરૂપ.

સયોગી જિન કહો કે વીતરાગવિજ્ઞાનસ્વરૂપ અરિહંતદેવ કહો, તે શુદ્ધ આત્મપદ છે, અને યોગીજનો—ધર્માત્માઓ તેને ચાહે છે. 'સુખધામ અનંત સુસંત ચહી; દિનરાત રહે તદ્ ધ્યાનમંહિ.' અનંતસુખસ્વરૂપ એવી કેવળજ્ઞાનપર્યાય, તે આત્માનું નિજપદ છે, તે આત્માનો શુદ્ધ-સ્વભાવ છે; સન્તો તેને જ ઇચ્છે છે. વીતરાગવિજ્ઞાનને જે વંદન કરે તે રાગને સારભૂત કેમ માને?—ન જ માને.

ઊર્ધ્વલોકમાં સિદ્ધાલયથી માંડીને સૌધર્મસ્વર્ગ સુધી, મધ્યલોકમાં અસંખ્યાત દ્વીપ–સમુદ્રોમાં, અને અધોલોકમાં નીચે,—એમ ત્રણે લોકમાં આત્માને સારરૂપ હોય તો તે વીતરાગ વિજ્ઞાન છે. 'વીતરાગ' કહેતાં સમ્યક્ચારિત્ર આવ્યું, ને 'વિજ્ઞાન' કહેતાં સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શન આવ્યાં; આ રીતે વીતરાગવિજ્ઞાનમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે સમાઈ જાય છે. આવું વીતરાગવિજ્ઞાન શિવસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, મંગલરૂપ છે; પૂર્ણજ્ઞાન ને પૂર્ણ આનંદસ્વરૂપ એવું કેવળજ્ઞાન તે મહાન સારભૂત છે; સાધકને જે અંશે વીતરાગવિજ્ઞાન છે તે પણ આનંદરૂપ છે, ને તે પૂર્ણાનંદરૂપ મોક્ષનું કારણ

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૬ ઉપર)

**નાચે તુરંગ ગજ શબ્દ કરે મહાન, એવું રણે નૃપતિનું બળવાન સૈન્ય;**
**ભેદાય છે તિમિર જેમ રવિ કરેથી, છેદાય શીઘ્ર ત્યમ તે તુજ કીર્તનેથી. ૪૨.**



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

સમયસાર ગાથા ૧૧માં કહ્યું છે કે વ્યવહાર અભૂતાર્થ છે ને ભૂતાર્થ સ્વભાવના આશ્રયે ધર્મદશા પ્રગટે છે.

ભૂતાર્થ સ્વભાવમાં દ્રવ્યે, ક્ષેત્ર, કાળે, ભાવે ને અનુભવે એકરૂપ ભાવ છે. તેવા જ્ઞાતાતરફનો એકરૂપ અનુભવ થાય તે સમ્યગ્દર્શન છે. સમયસાર ગાથા ૧૪ની ટીકામાં પાંચ બોલ કહ્યા છે. અહીં અબદ્ધસ્પૃષ્ટના બે બોલ જુદા કહી છ બોલ કહ્યા છે.

પરમાં પર છે, નિજચેતનમાં પર નથી. આત્મા શાશ્વત ધ્રુવસ્વભાવી સમ્યગ્દર્શનનો વિષય છે, તેથી છ ભાવો ઉપર ઉપર રહે છે, બિલકુલ નથી—એમ નથી.

(૧-૨) કર્મનો સંબંધ વ્યવહારનયથી છે પણ વસ્તુમાં કર્મનો સંબંધ નથી.

(૩) ક્ષેત્રની વ્યંજનપર્યાય વ્યવહારનયથી છે પણ વસ્તુ અસંખ્યપ્રદેશી એક છે.

(૪) સ્વકાળે વિભાવની હાનિ-વૃદ્ધિ વ્યવહારનયથી છે પણ વસ્તુ એકરૂપ છે.

(૫) ગુણભેદ વ્યવહારથી છે પણ વસ્તુ તો અભેદ છે.

(૬) હરખ-શોકનો અનુભવ વ્યવહારથી છે પણ વસ્તુમાં હરખ-શોક પેઠા નથી.

કોઈ પર્યાયને ઉડાડે તો તે મૂઢ છે. પર્યાય વ્યવહારનયનો વિષય છે. પર્યાયમાં છ ભાવ રહેલા છે. ચૈતન્યવાદીમાં એવા ભાવ નથી.

શિષ્યે પૂછેલ કે—અબદ્ધસ્પૃષ્ટ આત્મામાં અનુભવ કેમ થાય? શ્રીગુરુ કહે છે કે પાંચ ભાવો અથવા છ ભાવો કાયમ રહે તેવા નથી—અભૂતાર્થ છે. દ્રવ્યસ્વભાવ ભૂતાર્થ છે. તેના અવલંબને ધર્મ થાય છે. આ છ ભાવો ઉત્પાદ-વ્યયરૂપ છે, તે સમ્યગ્દર્શનનો વિષય નથી. સમ્યગ્દર્શનનો વિષય ચિદાનંદ ધ્રુવ આત્મા છે. વ્યવહારનયે છ ભાવો ભૂતાર્થ છે. પર્યાય મિથ્યા નથી, પર્યાય છે, ગુણભેદ છે, વિકાર છે, કર્મ છે, અનંત આત્મા છે—એમ વ્યવહાર છે પણ સમ્યગ્દર્શન પ્રગટ કરવું તેણે છ ભેદોની રુચિ છોડવી જોઈશે. પાણીમાં તેલ ઉપર તરે છે તેમ ધ્રુવસ્વભાવમાં ઉત્પાદ-વ્યયના ભાવો પેઠા નથી. આ સમ્યગ્દર્શનની વાત છે. પછી અંતરમાં સ્થિરતા કરતાં મુનિપણું આવે છે. શ્રી કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય આદિ સંતો ભાવલિંગી મુનિ હતા. હજારો વાર છઠ્ઠે-સાતમે

બર્છી થકી હણિત હસ્તિ રૂધિર વ્હે છે, યોદ્ધા પ્રવાહ થકી આતુર જ્યાં તરે છે;
એવા યુદ્ધે અજીત શત્રુ જીતેજનો તે– ત્વત્પાદપંકજરૂપી વન શર્ણ લે જે. ૪૩.

ગુણસ્થાને આવતા. મુનિ ભાવલિંગી હોય તેમને શરીરની નગ્નદશા જ હોય, પણ આત્માનું ભાન ન હોય તો તે મિથ્યાદૃષ્ટિ છે. કોઈ જીવને અંતરમાં ચોથું ગુણસ્થાન હોય તે બહારથી છઠ્ઠા ગુણસ્થાનના વ્યવહાર પરિણામ હોય તો નવમી ગ્રૈવેયકે ચાલ્યો જાય તે સમજે છે મારી ભૂમિકા ચોથાની છે. જેને સમ્યગ્દર્શન નથી તેને મુનિપણું ન હોય સમ્યગ્દર્શન વિના શ્રાવક કે મુનિપણું ન હોય.

જૈનશાસનનો મર્મ આમાં રહેલ છે. પાણી ઉપર શેવાલ છે, તેમ આત્માની ઉપર ઉપર છ ભાવો રહેલ છે. વિકાર, વ્યંજનપર્યાય વગેરે ઉપર ઉપર છે, અંતર દ્રવ્યસ્વભાવમાં તે પેઠેલ નથી.

ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય પ્રગટ છે ને ધ્રુવસ્વભાવ ગુપ્ત છે તેની ભાવના કર. પર્યાયમાં દ્રવ્યસ્વભાવ તરફ જોર દે. અનંત જ્ઞાન દર્શન વગેરેની પ્રતીતિ કરી તેની ભાવના કર તો કેવળજ્ઞાન પ્રગટ થશે, પુણ્ય-પાપરૂપ પર્યાય ઉપર ઉપર છે, સ્વભાવ ગુપ્ત છે તેને પ્રગટ કરવાની ભાવના કર, જેથી તે વ્યક્ત થઈને વહે.

હું પર્યાયે સિદ્ધસમાન નથી પણ સ્વભાવે સિદ્ધસમાન છું. હું પરમાત્મા છું, તેવી શ્રદ્ધા કરે તો ધર્મ પ્રગટ થાય.

હે ચિદાનંદ! તું આનંદના અવિનાશી રસનો સાગર છે. દયા-દાનાદિને કામ-ક્રોધાદિ ઉપર ઉપર તરે છે, સ્વભાવમાં નથી તને હરખ-શોકનો અનુભવ કેમ મીઠો લાગ્યો? દયા-દાનાદિ વિકાર પરરસ છે, કાયમ રહેનાર નથી, માટે પરરસ કહ્યો છે. તે તને કેમ ગમ્યો? વિષયનો રસ કેમ મીઠો લાગ્યો? પુણ્ય-પાપની મીઠાશથી ચોરાશીના અવતારમાં ઘૂમે છે. આત્માના અનુભવ વિના સંસાર તૂટતો નથી. તપ કરે, ઉપવાસ કરે—તે બધો રાગનો રસ છે. જેના કારણે સંસારમાં ફરવું થાય છે તે વ્યવહારને ભલો જાણી કેમ સેવે છે? જેને વ્યવહારનો પક્ષ છે અથવા દયા-દાનાદિના ભાવ પરમાર્થે હિતકર માને છે તે મિથ્યાદૃષ્ટિ છે, તે દુઃખ પામે છે. જેણે શુભ-અશુભભાવ, હરખ-શોકના ભાવને પરમાર્થે ભલા માન્યા છે તેણે મિથ્યાત્વનો દારૂ પીધો છે, તેને આસ્રવ સારો લાગે છે, અનાસ્રવી આત્મા સારો લાગતો નથી. તું ભ્રમથી ભૂલ્યો છો માટે આ દૃષ્ટિ કરી અનુભવ કર—આ એક જ ધર્મની રીત છે.

આત્માના આનંદના અભાવે જીવ દુઃખી થાય છે. આત્મા સહજ આનંદસ્વરૂપ છે, તેના સ્વાદના અભાવે પરને પોતાનું માની અજ્ઞાની રખડે છે.

જેમ એક નગરમાં એક મનુષ્ય રહે છે. ત્યાં બીજો કોઈ નથી. સંસારમાં જીવ

**જ્યાં ઉછળે મગરમચ્છ તરંગ ઝાઝા, ને વાડવાગ્નિ ભયકારી થકી ભરેલા;**
**એવા જ સાગર વિષે સ્થિત નાવ જે છે, તે નિર્ભયે તુજ તણા સ્મરણે તરે છે. ૪૪.**

પોતે અવતાર લ્યે છે ને દુઃખ ભોગવે, માટે દૃષ્ટાંત આપે છે, એ નગરમાં ચોરાશી લાખ ઘર છે. તે ઘરને તે માણસ સુધાર્યા જ કરે છે. એક દિવસ એક ઘરને સુધારે, પછી બીજાને સુધારે—આમ તે ભીંતડાને સુધારતાં સુધારતાં આખો જન્મારો ગયો. જ્યારથી સુધારતો હતો ત્યારથી રોગ લાગ્યો હતો. પોતાની પરમ ચતુરતાને ભૂલ્યો તે મનુષ્યને મોટી વિપત્તિ આવી પડી ને વિના પ્રયોજન એકલો સૂના ઘરમાં ટહેલ માર્યા કરે છે—સંભાળ કર્યા જ કરે છે. પોતે ઘણો બળવાન છે. છતાં ભૂલીને દુઃખ પામે છે. આ મનુષ્યનું શહેર એક પરમ વસ્તીવાળું છે ને ત્યાનો તે રાજા છે. તે રાજ્યને સંભાળે તો સૂના ઘરોની સેવા તજે ને ત્યાંનું રાજ્ય કરે, તેમ આ ચિદાનંદ આત્મા ચોરાસી લાખના અવતાર કરે છે. શરીરમાં ક્ષુધા-તૃષા લાગે તેને મટાડવી, કપડાં પહેરવાં ઈત્યાદિ સવારથી સાંજ સુધી શરીરની સંભાળ કરે છે. નિગોદથી માંડીને અંતિમ ગ્રૈવેયક સુધીના જીવો શરીરની સંભાળનો ભાવ કર્યા કરે છે. કેટલાંકને તેની સંભાળ આઠે ફુરસદ મળતી નથી. અનિત્યની સંભાળમાં નિત્ય જ્ઞાનામંદમય આત્માની દૃષ્ટિ ચૂકી જાય છે. જે શરીરમાં રહે તેને સુધારે શરીરની જ ભાવના કરે છે. અહીંથી છૂટીને દેવલોકમાં જવું છે એવી ભાવના કરે છે એટલે કે દેવના શરીરને ઈચ્છે છે. પણ જ્ઞાનાનંદની રુચિ કરતો નથી. એક પછી એક શરીરને સુધારતો ચોરાશીમાં રખડે છે. આ શરીર જડ છે છતાં તેની ક્રિયામાં રોકાઈ જાય છે. આમ અનાદિકાળ ગયો. ''શરીર મારું ને હું એનો.'' આ કર્મનો રોગ અનાદિથી લાગ્યો છે, એટલે કે શરીર ને કર્મ મારાં—એવી માન્યતાનો રોગ લાગ્યો છે. હું આનંદમૂર્તિ છું એવું અનંતબળ ક્ષીણ થઈ ગયું છે ને જન્મ-મરણ ભોગવે છે. શરીર તે જ હું એમ માને છે પણ ચૈતન્યજ્યોતિનું ભાન કરતો નથી.

જેમ વાનર એક કાંકરોપડે ત્યારે રડે, તેમ દેહનું એક અંગ છૂટું પડે ત્યાં મનુષ્ય રૂવે. મારો કાન અથવા નાક તૂટી ગયો એમ માને છે. જરા લોહી નીકળે ત્યાં લોહી ઘટી જતાં હું નબળો પડી ગયો—એમ માને છે, હું એનો ને એ મારાં એમ જડની સેવાથી સુખ માને છે. શરીર ઠીક હશે તો ધર્મ થશે પરોપકાર થશે—એમ માને છે. પોતે નિરુપદ્રવ સ્વભાવી છે તેનું રાજ્ય ભૂલી ગયો—ચિદાનંદ સ્વભાવને ચૂકી ગયો.

શ્રીગુરુ કહે છે કે—'ચેતના તારું સ્વરૂપ છે, તું પોતે ચેતન છો', એમ બોધ સાંભળે ને પોતાને સાંભળે તો અવિનાશી રાજ્ય કરે. આત્મામાં જ્ઞાન-દર્શન આદિ ગુણની વસ્તી છે પણ પુણ્ય-પાપની વસ્તી નથી. આમ પોતે શક્તિની પ્રતીતિ કરી સ્થિર

(જુઓ અનુસંધાન પેજ નં. ૩૧ ઉપર)

**જે છે નમ્યા ભયદ રોગ જલોદરેથી પામ્યા દશા દુઃખદ આશ ન દેહે તેથી;**
**ત્વત્પાદ–પદ્મ રજ અમૃત નિજ દેહે ચોળે બને મનુજ કામ સમાન રૂપે. ૪૫.**

# આનંદિત થા

હે જીવ!

કોઈ બીજાથી તું રાજી થા કે તું કોઈ પરને રાજી કર—એવો તારો સ્વભાવ નથી; તારા આત્માનું અવલંબન કરીને તું પોતે રાજી થા (એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-આનંદરૂપ થા) એવો તારો સ્વભાવ છે, માટે તારા આત્માની નિજશક્તિને સંભાળીને તું પ્રસન્ન થા! તારા નિજવૈભવનું અંતર અવલોકન કરીને તું આનંદિત થા! 'અહો! મારો આત્મા આવો પરિપૂર્ણ શક્તિવાળો...આવા આનંદવાળો!

—એમ આત્માને જાણીને તું રાજી થા...ખુશી થા....આનંદિત થા!! જે આત્માને યથાર્થપણે ઓળખે તેને અપૂર્વ આનંદનો અનુભવ થાય જ. માટે આચાર્યદેવ આત્માનો સ્વભાવ દેખાડીને કહે છે કે હે ભવ્ય! આવા આત્માને જાણીને તું આનંદિત થા!



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—આસ્રવો વ્યવહારજ્ઞેય ક્યારે થાય?**

ઉત્તર :—આસ્રવભાવો અશુચિરૂપ છે ને આત્મા પવિત્ર છે. આસ્રવનો એક અંશ પણ સ્વભાવને રોકે છે તેથી તે આત્માના સ્વભાવથી વિપરીત છે. આત્માનો સ્વભાવ સ્વ-પરને જાણનાર છે તેથી તે ચેતનસ્વભાવ છે અને આસ્રવો પોતે કાંઈ જાણતા નથી તેથી તે જડસ્વભાવ છે. આસ્રવો તો બીજા વડે જ્ઞેય થવા યોગ્ય છે. અહીં 'આસ્રવો બીજા વડે જ્ઞેય થવા યોગ્ય છે' એમ કહીને આસ્રવોને આત્માના વ્યવહારજ્ઞેય તરીકે સિદ્ધ કર્યા છે. તે આસ્રવો ખરેખર વ્યવહારજ્ઞેય ક્યારે થાય? જ્યારે આત્મા આસ્રવોથી ભિન્ન પોતાના સ્વભાવને જાણીને, આસ્રવોથી પાછો ફરીને સ્વભાવ તરફ વળ્યો ત્યારે તેની સ્વ-પર પ્રકાશક જ્ઞાનશક્તિ ખીલી, તે જ્ઞાનશક્તિ ખીલતાં આસ્રવોને પોતાથી ભિન્ન જાણ્યા એટલે કે આસ્રવો પણ પરજ્ઞેય થઈ ગયા, તેથી તે વ્યવહારજ્ઞેય થયું. આસ્રવ તે હું—એવી પર્યાયબુદ્ધિથી સ્વ-પર જ્ઞાનશક્તિ ખીલતી નથી એટલે આસ્રવો વ્યવહારજ્ઞેય થતા નથી. આસ્રવોથી જુદો પડ્યા વગર આસ્રવોને વ્યવહારજ્ઞેય કરશે કોણ? જેણે પરમાર્થજ્ઞેય તરીકે આત્માને લક્ષમાં લીધો છે તે આસ્રવોને વ્યવહારજ્ઞેય તરીકે જાણે છે.

**પ્રશ્ન :—દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય કોને જાણે છે?**

ઉત્તર :—વર્તમાન પર્યાયને જોનારી દૃષ્ટિ તે પર્યાયદૃષ્ટિ છે અને ત્રિકાળી સ્વભાવને જોનારી દૃષ્ટિ તે દ્રવ્યદૃષ્ટિ છે. જે ત્રિકાળી દ્રવ્ય સ્વભાવને જાણે અને કહે તે દ્રવ્યાર્થિકનય છે. તેમાં ત્રિકાળી દ્રવ્યને જાણનાર જ્ઞાન છે તે અંતરંગનય (અર્થનય અથવા ભાવનય) છે, અને તેને કહેનાર વચન તે બહિર્નય (-વચનાત્મકનય અર્થાત્ શબ્દનય) કહેવાય છે; અને જે જ્ઞાન વર્તમાન પર્યાયને જાણે છે તે જ્ઞાનને અને તેને કહેનાર વચનને પર્યાયાર્થિકનય કહેવાય છે. તેમાં પર્યાયને જાણનારું જ્ઞાન તે અંતરંગનય છે અને તેને કહેનાર વચન તે બહિર્નય છે.

સિદ્ધદશાને જાણનારું જ્ઞાન તે પર્યાયાર્થિકનય છે, પરંતુ સિદ્ધદશા પ્રગટવાનો ઉપાય પર્યાયદૃષ્ટિ નથી. દ્રવ્યદૃષ્ટિ તે જ સિદ્ધદશા પ્રગટવાનો ઉપાય છે. પણ જે સિદ્ધદશા પ્રગટે તેને જાણનાર તો પર્યાયાર્થિકનય છે.

પ્રશ્ન :—દ્રવ્યાર્થિકનય દ્રવ્યને મુખ્ય કરીને જાણે છે; અહીં ''દ્રવ્ય'' એટલે શું ?

ઉત્તર :—દ્રવ્ય અને પર્યાય બંને ભેગું થઈને દ્રવ્ય કહેવાય છે તે નહિ, અર્થાત્ ગુણ-પર્યાયનો પિંડ તે દ્રવ્ય—એ અપેક્ષા અહીં નથી; પણ અહીં તો વર્તમાન અંશને ગૌણ કરીને ત્રિકાળ શક્તિ તે દ્રવ્ય છે, તે સામાન્યસ્વભાવ છે, અને વર્તમાન અંશ તે વિશેષ છે—પર્યાય છે. એ બે થઈને આખું દ્રવ્ય તે પ્રમાણનો વિષય છે. અને તેમાંથી સામાન્ય-સ્વભાવ તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે, વિશેષ પર્યાય તે પર્યાયાર્થિકનયનો વિષય છે. તેમાંથી દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિમાં પર્યાય ગૌણ છે એટલે તે નયની દૃષ્ટિમાં સિદ્ધદશા પ્રગટી એ વાત ન આવે; ત્રિકાળ શુદ્ધ જ્ઞાનસ્વભાવ છે તે દ્રવ્યદૃષ્ટિનો વિષય છે અને તેના જ આશ્રયે નિર્મળપર્યાય પ્રગટે છે. દ્રવ્યનો વિશ્વાસ કરવાથી જ પર્યાયમાં નિર્મળ કાર્ય થાય છે.

પ્રશ્ન :—દ્રવ્યનય અને દ્રવ્યાર્થિકનયના વિષયમાં શું ફેર છે ?

ઉત્તર :—જે દ્રવ્યનય કહ્યો તેનો વિષય તો એક જ ધર્મ છે અને સમયસારાદિમાં દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એવા બે જ મુખ્ય નયો લીધા છે તેમાં જે દ્રવ્યાર્થિકનય છે તેનો વિષય તો અભેદદ્રવ્ય છે; અહીં કહેલો દ્રવ્યનય તો વસ્તુમાં ભેદ પાડીને તેના એક ધર્મને લક્ષમાં લ્યે છે ને દ્રવ્યાર્થિકનય તો ભેદ પાડ્યા વગર, વર્તમાન પર્યાયને ગૌણ કરીને અભેદ દ્રવ્યને લક્ષમાં લ્યે છે—એ રીતે બંનેના વિષયમાં ઘણો ફેર છે. સમયસારમાં કહેલાં શુદ્ધ નિશ્ચયનયનો જે વિષય છે તે આ દ્રવ્યનયનો વિષય નથી; તે નિશ્ચયનયનો વિષય તો વર્તમાન અંશને તથા ભેદને ગૌણ કરીને આખો અનંત ગુણોનો પિંડ છે, ને આ દ્રવ્યનય તો અનંત ધર્મોમાંથી એક ધર્મનો ભેદ પાડીને વિષય કરે છે.

પ્રશ્ન :—શ્રુતજ્ઞાનમાં જ નય કેમ ?—બીજા જ્ઞાનમાં કેમ નહિ ?

ઉત્તર :—મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય અને કેવળ—એ પાંચ પ્રકારના જ્ઞાનમાં અવધિ,—મનઃપર્યય અને કેવળજ્ઞાન તો પ્રત્યક્ષ છે ને મતિ તથા શ્રુતજ્ઞાન પરોક્ષ છે; હવે નય તે પરોક્ષજ્ઞાન છે. પ્રત્યક્ષ જ્ઞાનનો અંશ તો પ્રત્યક્ષ જ હોય એટલે તેમાં નય ન હોય. કેવળજ્ઞાન પૂર્ણ સ્પષ્ટ પ્રત્યક્ષ છે તેમજ અવધિ અને મનઃપર્યયજ્ઞાન પણ પોતપોતાના વિષયમાં પ્રત્યક્ષ છે, તેથી તે પ્રત્યક્ષ જ્ઞાનોમાં પરોક્ષરૂપ નય હોતા નથી. મતિજ્ઞાન જોકે પરોક્ષ છે, પણ તેનો વિષય અલ્પ છે, તે માત્ર સાંપ્રતિક એટલે વર્તમાન પદાર્થને જ વિષય કરે છે, સર્વક્ષેત્ર અને સર્વકાળવર્તી પદાર્થોને તે ગ્રહણ કરતું નથી તેથી તેમાંય નય પડતા નથી કેમ કે પૂરા પદાર્થના જ્ઞાનપૂર્વક તેમાં ભાગ પાડીને જાણે તેને નય કહેવાય. શ્રુતજ્ઞાન પોતાના વિષયભૂત સમસ્ત ક્ષેત્ર—કાળવર્તી પદાર્થને પરોક્ષપણે ગ્રહણ કરે છે, તેથી તેમાં જ નય પડે છે. શ્રુતજ્ઞાનમાં પણ જેટલું સ્વસંવેદન પ્રત્યક્ષ થઈ ગયું છે તેટલું તો પ્રમાણ જ છે,

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૩ ઉપર)



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન* :—આત્માને ઓળખવાનો અભ્યાસ કેવી રીતે કરવો ? શું બહારનાં કામ છોડી દેવાં ?

**સમાધાન** :—પોતે અંદરથી ખટક રાખીને વાંચન કરવાનો ટાઈમ ગોતી લેવો. કામ એવાં ન હોવાં જોઈએ કે પોતાને વિચાર-વાંચનમાં ડખલ થાય. એટલાં બધાં કામ ન હોય કે વાંચવાનો કે વિચારવાનો ટાઈમ ન મળે. જો તેવું હોય તો પોતે કામને ઓછાં કરીને નિવૃત્તિ મળે એવું કરવું જોઈએ. કેટલાંક કામ છોડવાં જોઈએ, પણ કેટલાં છૂટે તે પોતાની શક્તિ પ્રમાણે છે. પોતાને નિવૃત્તિ મળે, વાંચન-વિચારનો ટાઈમ મળે એવી જાતનાં મર્યાદિત કામ હોય. ગૃહસ્થાશ્રમમાં અમુક પ્રકારના કામ તો હોય છે, પણ પોતાને નિવૃત્તિ માટે ટાઈમ જ ન મળે અને બોજો વધી જાય તેવું ન હોય. કામ છોડવાં કે ન છોડવાં તે તો પોતાની રુચિ ઉપર છે, બાકી ગૃહસ્થાશ્રમમાં પોતાને વાંચન-વિચારનો ટાઈમ મળે એટલું તો હોવું જોઈએ.

*પ્રશ્ન* :—રાગમાં સહજ એકાકાર થઈ જવાય છે તેનાથી જુદો પડવાનો અભ્યાસ કેવી રીતે કરવો જોઈએ તે સમજાવવા કૃપા કરશોજી.

**સમાધાન** :—રાગમાં એકત્વબુદ્ધિ છે તે જ ક્ષણે તેને વિચાર આવવો જોઈએ કે આ રાગ તે હું નથી, હું તો જાણનારો છું. રાગ કાંઈ મારું સ્વરૂપ નથી. જે રાગ—વિભાવભાવો છે તે આકુળતારૂપ છે, તેમાં કાંઈ શાંતિ દેખાતી નથી, આકુળતાથી જુદો રહેનારો જે શાંતસ્વરૂપ છે, તેમાં રાગની આકુળતા નથી.

એવી જ રીતે ખાતાં, પીતાં કે ગમે તે કાર્યો વખતે તેને વિચાર આવવો જોઈએ કે આ શરીર જુદું, આ ખાવું જુદું, આ આહાર જુદો ને આ પેટ જુદું છે તે વખતે આ વસ્તુ સારી છે ને આ વસ્તુ ખરાબ છે તેવો રાગ આવે છે તે બધી કલ્પના છે. તે તો પુદ્‌ગલના પર્યાયો છે અને તેમાં રાગ આવે છે તે રાગથી પણ હું જુદો જાણનારો છું.

આ ખોરાક પડે તે પેટમાં પડે છે, મારા જ્ઞાયકમાં તે પડતો નથી, હું જાણનારો તેનાથી જુદો છું તેમ વારંવાર વિચાર કરે. અંતરમાં તેને તે જાતનું બેસવું જોઈએ કે રાગ આવે તે કાંઈ મારું સ્વરૂપ નથી. પોતાની મંદતાને લઈને રાગ આવે છે છતાં વિભાવની પરિણતિથી હું છૂટો છું. હું સિદ્ધભગવાન જેવો આત્મા છું. ખરેખર વિભાવ એ વસ્તુનું મૂળ

સ્વરૂપ હોય નહિ અને જે સ્વરૂપ હોય તે વિભાવરૂપે ન હોય, વિભાવ તો દુઃખદાયક છે ને હું તો નિર્મળ સ્વભાવ છું, હું તો જુદો છું. આમ અનેક રીતે વિચારે.

રાગ આવે તે ક્ષણે જ હું જુદો છું, વીતરાગ સ્વભાવ છું. રાગની આકુળતા તે મારું સ્વરૂપ નથી. હું તો શાંત સ્વરૂપ છું, વીતરાગ સ્વરૂપે છું. હું જાણનારો જ્ઞાયક છું. આ રાગની વિકૃતિ તે મારું સ્વરૂપ જ નથી.

મુમુક્ષુઃ—રાગથી ભેદ પાડવામાં મુશ્કેલી તો દેખાય છે. રાગ વખતે રાગથી નિરાળો જાણનારો તે હું છું એ અઘરું તો પડે છે, છતાં આપના સમજાવ્યા પછી એટલો ખ્યાલ આવે છે કે સવિકલ્પદશામાં હજુ ઘણું કરવાનું રહી જાય છે.

બહેનશ્રીઃ—જેને સહજ હોય તેને વિચાર કરવો પડતો નથી. આ તો જે અભ્યાસ કરે છે તેની વાત છે. કેવી રીતે કરવું તે ખરેખર તો પોતાને વિચારવાનું છે. ગુરુદેવે ઘણું સમજાવ્યું છે. છતાં આ રીતે અભ્યાસ કરે તો વિકલ્પથી છૂટો પડવાનો પ્રસંગ આવે છે.

નક્કી કર્યું હોય કે શરીર તો જડ છે, હું જુદો છું; પણ શરીરમાં કાંઈક રોગ આવે કે ખાવા-પીવાની ક્રિયા થતી હોય તે વખતે હું જુદો છું, અને આ જડ છે તેવું ભાસન ક્યાં થાય છે? તેની પરિણતિ તો એકત્વ કરી રહી છે. રાગની પરિણતિ થાય તેનાથી હું જુદો છું એવું તેને પ્રયત્નમાં આવવું જોઈએ. તો તેને વિકલ્પ છૂટવાનો પ્રસંગ આવે. તે આકુળતા ન કરે પણ શાંતિ રાખે કે હું જુદો તે જુદો જ છું. આ વિકલ્પ ક્યારે તૂટે? વિકલ્પ ક્યારે તૂટે? એમ વિકલ્પની પાછળ આકુળતા ન કરતાં છૂટા પડવાનો પુરુષાર્થ કરવો.

હું જુદો છું અને જુદા થવું એ જ મુક્તિનો માર્ગ છે. જુદા પડવાનો પ્રયાસ- અભ્યાસ કરવો જોઈએ. તેની મૂંઝવણ, આકુળતા કે ઉતાવળ કરવાથી પણ વિકલ્પ તૂટતો નથી.

મુમુક્ષુઃ—સવિકલ્પદશામાં પણ ભેદજ્ઞાનનો અભ્યાસ કરવાથી પરિણતિ સહેજે છૂટી પડી જાય તે સમજાતું નહોતું. આપે આજે ઘણો સારો ખુલાસો કર્યો.

બહેનશ્રીઃ—ઘણીવાર કહેવાય છે કે ભેદજ્ઞાનનો અભ્યાસ કર, પરિણતિ અંદરથી પલટાવ. તું અભ્યાસ કર કેમકે જીવે અનંતકાળમાં ઘણાં વિકલ્પાત્મક ધ્યાન કર્યાં છે. અશુભ છૂટીને શુભ વિકલ્પ એવા મંદ થઈ જાય કે તેને એમ લાગે કે વિકલ્પ જ નથી. પરંતુ ભેદજ્ઞાનના અભ્યાસ વગર એકદમ નિર્વિકલ્પ થવું મુશ્કેલ પડે છે. બહારથી ગમે તેટલાં ધ્યાન કરે, તો પણ વિકલ્પ તૂટતો નથી. એકત્વબુદ્ધિ હોય અને ઉપર-ઉપરથી ધ્યાન કરે તો એકત્વ એમ ને એમ ઊભું રહે અને વિકલ્પ મંદ પડે એટલે મને શાંતિ મળી એમ થાય; પણ એ તો મંદ કષાય છે. પણ વિકલ્પ પકડવાની સૂક્ષ્મતા ન હોય તેને આવું થઈ જાય. પણ જો ભેદજ્ઞાનનો અભ્યાસ કરે કે હું જ્ઞાયક છું, આ બધું મારાથી જુદું છે તો તેને સાચું આવવાનો પ્રસંગ બને છે. નહિ તો ભૂલ થઈ જાય, અર્થાત્ ભ્રમણા થઈ જાય છે.

## બાળ વિભાગ

# ૨. નિષ્કાંક્ષિત–અંગનું વર્ણન

ધર્મી જીવો ધર્મ દ્વારા ભવસુખની વાંછા કરતા નથી એટલે પુણ્યને કે પુણ્યના ફળને ચાહતા નથી. ધર્મથી મને સ્વર્ગાદિ સુખ મળો એવી વાંછા તે ભવસુખની વાંછા છે. તેવી વાંછા અજ્ઞાનીને હોય છે. જ્ઞાનીએ તો પોતાના આત્માને જ સુખસ્વરૂપે અનુભવ્યો છે એટલે હવે બીજે ક્યાંય સુખબુદ્ધિ તેને રહી નથી; તેથી તે નિષ્કાંક્ષ છે. સમ્યગ્દષ્ટિએ નિઃકાંક્ષિતગુણવડે ભવસુખની વાંછાને નષ્ટ કરી છે. 'ભવસુખ' એમ અજ્ઞાનીની ભાષાથી કહ્યું છે; ખરેખર ભવમાં સુખ છે જ નહિ પણ અજ્ઞાની દેવાદિના ભવમાં સુખ માને છે, ઇન્દ્રિયવિષયોમાં સુખ માને છે. આત્માના સુખની તો તેને ખબર નથી. અરે! સમ્યગ્દષ્ટિ તો આત્માના સુખને અનુભવનાર, મોક્ષનો સાધક! તે સંસાર–ભોગોને કેમ ઇચ્છે? જેના વેદનથી અનાદિકાળથી દુઃખી થયો તેને જ્ઞાની કેમ ઇચ્છે? ભવ–તન–ભોગ એ તો તેને અનાદિકાળની એંઠ જેવા લાગે છે; અનંતવાર જીવ તેને ભોગવી ચુક્યો પણ સુખનો છાંટોય તેમાંથી ન મળ્યો.

ધર્મનું પ્રયોજન શું? ધર્મનું પ્રયોજન, ધર્મનું ફળ તો આત્મસુખની પ્રાપ્તિ થાય–તે છે; ધર્મનું ફળ કાંઈ બહારમાં નથી આવતું. જેણે આત્માના સુખનો સ્વાદ જાણ્યો નથી તેને ઊંડે-ઊંડે સંસાર–ભોગોની ચાહના પડી છે તથા તેના કારણરૂપ પુણ્યની ને શુભરાગની રુચિ પડી છે, તેને સાચું નિઃકાંક્ષિતપણું હોતું નથી. ભલે રાજ–પાટ–ઘર–કુટુંબ છોડીને ત્યાગી થયો હોય પણ જ્યાંસુધી રાગથી ભિન્ન ચૈતન્યરસ ચાખ્યો (અનુભવ્યો) નથી ત્યાંસુધી તેને સંસારભોગની વાંછા પડી જ છે અને સમ્યગ્દષ્ટિજીવ રાજ-પાટ-ઘર-કુટુંબાદિ સંયોગમાં વર્તતો હોય, તે પ્રકારનો રાગ પણ વર્તતો હોય, (ખરેખર તેમાં ક્યાંય તે નથી વર્તતો, તે તો પોતાની ચેતનામાં જ તન્મય વર્તે છે, પણ સંયોગ અપેક્ષાએ રાજપાટમાં ને રાગમાં વર્તે છે એમ કહ્યું છે—) છતાં અંતરમાં તે બધાયથી પાર પોતાના ચૈતન્યરસનો આનંદ ચાખ્યો છે તેથી તેને તેમાં ક્યાંય સ્વપ્નેય સુખબુદ્ધિ નથી; એટલે રાગ હોવા છતાં શ્રદ્ધાના બળે તેને નિઃકાંક્ષિતપણું જ વર્તે છે. ધર્મીની આ કોઈ અલૌકિક દશા છે જે અજ્ઞાનીને ઓળખાતી નથી; ઓળખે તો અજ્ઞાન રહેતું નથી.

ધર્મના ફળમાં કાંઈ પૈસા ન મળે. પૈસા વગેરે મળવા તે કાંઈ ધર્મનું પ્રયોજન નથી, ધર્મનું પ્રયોજન તો આત્માનું સુખ મળે તે છે; અને તે સુખમાં કાંઈ પૈસા વગેરેની જરૂર પડતી

**બેડી જડી પગથી છેક ગળા સુધીની, તેની ઝીણી અણિથી જાંગ ઘસાય જેની;**
**એવા અહોનિશ જપે તુજ નામમંત્ર, તો તે જનો તુરત થાય રહિત બંધ. ૪૬.**

નથી. એ તો સંયોગ વગરનું સ્વાભાવિક સુખ આત્મામાંથી જ ઉત્પન્ન થાય છે. આવા સુખને જે જાણે તેને સંસારમાં બીજા કોઈની પણ વાંછા રહે નહીં, ક્યાંય સુખબુદ્ધિ થાય નહીં. ધર્મીને ધર્મની સાથેના રાગને લીધે પુણ્ય બંધાય ને તે પુણ્યના ફળમાં બહારના વૈભવ મળે, પણ ધર્મીને તેની વાંછા નથી; તેનાથી તો તે પોતાના આત્માને અત્યંત ભિન્ન જાણે છે.

શુભરાગ હોય ને વેપાર-લગ્ન-વાસ્તુ વગેરે પ્રસંગે ભગવાનને યાદ કરે તે જુદી વાત છે, તેમાં કાંઈ ભવસુખની વાંછા ધર્મીને નથી. જે સર્વજ્ઞનો ભક્ત થયો તેને સંસારની વાંછા હોય નહિ. રાગનો એક કણિયો પણ મારા જ્ઞાનમાં નથી—એમ જાણનાર જ્ઞાની તે રાગના ફળને કેમ વાંછે? મોક્ષરૂપ જે પરમસુખ તે સિવાય બીજી કોઈ આશાથી તે ધર્મને સેવે નહિ. ધર્મનું ફળ તો વીતરાગી સુખ છે, બાહ્ય-વૈભવ કે ઇન્દ્રાદિ પદ તે કંઈ ધર્મનું ફળ નથી તે તો રાગનું—વિકારનું—પુણ્યનું ફળ છે. તે પુણ્યરૂપ ધર્મને અજ્ઞાની ઇચ્છે છે તેથી તે ભોગહેતુને સેવે છે—એમ કહ્યું છે; રાગ વગરના શુદ્ધાત્માનાં અનુભવરૂપ મોક્ષહેતુ ધર્મની તેને ખબર નથી.

અંતરના અનુભવમાં પોતાના ચૈતન્ય—પરમદેવને સેવનાર ધર્મી જાણે છે કે મારો આ ચૈતન્ય—ચિંતામણિ આત્મા જ મને પરમ સુખ દેનાર છે, એના સિવાય હું બીજા કોને વાંછું? અરે! સ્વર્ગનો દેવ આવે તોય મારે એની પાસેથી શું લેવું છે? અજ્ઞાનીને તો સ્વર્ગનો દેવ આવવાની વાત સાંભળે ત્યાં ચમત્કાર લાગે છે ને તેના મહિમા આડે ધર્મને ભૂલી જાય છે; કેમકે એને પોતાને સ્વર્ગાદિના ભોગની વાંછા છે. અરે! મૂર્ખ લોકો તો ભોગની વાંછાથી સર્પ—વાંદરા—ગાય વગેરે તિર્યંચ પ્રાણીઓને પણ દેવ—દેવીરૂપે પૂજે છે. જુઓને, જૈન નામ ધરાવનારા લોકો પણ ભોગની વાંછાથી, પુત્રાદિની વાંછાથી અનેક દેવ—દેવલાંને પૂજે છે. મૂરખને તે કાંઈ વિવેક હોય? ભગવાનનો સાચો ભક્ત પ્રાણ જાય તોપણ ખોટા દેવ—દેવલાંને પૂજે નહીં, માને નહીં. કોઈ કહે—માંગળિક સાંભળશું તો પૈસા મળશે, પણ ભાઈ! જૈનોનું માંગળિક એવું ન હોય; જૈનોનું માંગળિક તો મોક્ષ આપે એવું હોય. માંગળિકના ફળમાં પૈસા મળવાની આશા ધર્મી રાખે નહીં. એ રીતે ધર્મી નિઃકાંક્ષિતભાવથી ધર્મને સેવે છે.

પ્રશ્ન :—વેપાર વગેરેમાં પૈસા મળે એવી વાંછા તો ધર્મીને પણ હોય છે, તો તેને નિઃકાંક્ષિતપણું ક્યાં રહ્યું?

ઉત્તર :—તેને હજી તે પ્રકારનો અશુભરાગ છે પણ આ રાગથી કે પૈસામાંથી મને સુખ મળશે—એવી મિથ્યાબુદ્ધિરૂપ વાંછા તેને નથી. રાગ અને સંયોગ બંનેથી પાર મારી ચેતના છે, તેમાં જ મારું સુખ છે એમ જાણનાર ધર્મી તે ચેતનાના ફળમાં બાહ્ય સામગ્રી

જે મત્ત હસ્તિ, અહિ, સિંહ, દવાનલાગ્નિ, સંગ્રામ, સાગર, જલોદર, બંધનોથી;
પેદા થયેલ ભય તે ઝટ નાશ પામે, ત્હારૂં કરે સ્તવન આ મતિમાન પાઠે. ૪૭.

વાંછતો નથી, તેથી તે નિઃકાંક્ષ છે. તે ધર્માત્મા ઈન્દ્રપદ કે ચક્રવર્તીપદના વૈભવને ભોગવતો દેખાય છતાં તેને વિષય–ભોગોનો રંચમાત્ર આદર નથી. અરે! અમે અતીન્દ્રિય આનંદના પિંડલા, જગતમાં ક્યાંય અમારો આનંદ છે જ ક્યાં? તેથી તો કહ્યું છે કે—

चक्रवर्तीकी संपदा, इन्द्रसरीखे भोग।
काकवीट सम गीनत हैं सम्यग्दृष्टि लोग॥

(ઈન્દોરના કાચના જિનમંદિરમાં પણ આ દોહરો છે.)

વિષયો તરફના વિકલ્પને ધર્મીજીવ દુઃખ અને જેલ સમાન ગણે છે, એમાં સુખબુદ્ધિ નથી એટલે તેની વાંછા નથી. ઉત્તમ વસ્તુ ખાતા–પીતા દેખાય, સ્ત્રી–પુત્રાદિ વચ્ચે દેખાય, તેથી કરીને ધર્મી તેમાં સુખ માનતા હશે?—ના, એમ બિલકુલ નથી. આનંદસ્વરૂપ મારો આત્મા જ છે, પરમાં સુખ જરાય નથી—એવા નિઃશંક ભાનમાં વર્તતા ધર્માત્મા દેવલોકના સુખનેય વાંછતા નથી. એમાં સુખ છે જ નહીં પછી વાંછા શેની? ચૈતન્યના અતીન્દ્રિય આનંદની પાસે સ્વર્ગના વૈભવની શી ગણતરી? ઈન્દ્રના વૈભવમાં તે સુખની ગંધ પણ નથી. (સમ્યગ્દષ્ટિ–ઈન્દ્રને આત્માનું સુખ હોય છે તે જુદી વાત છે, પણ બહારના વૈભવમાં તો તેની ગંધ પણ નથી ને તે ઈન્દ્ર પોતે તેમાં સુખ માનતા નથી.)

અજ્ઞાની બહારમાં ભલે વિષયોનો ત્યાગી હોય છતાં અભિપ્રાયમાં તેને વિષયોની વાંછા છે, કેમકે રાગમાં સુખબુદ્ધિ છે. જેણે ચૈતન્યનું ઈન્દ્રિયાતીત સુખ નથી દેખ્યું તેને ઊંડે ઊંડે રાગમાં ને વિષયોમાં સુખબુદ્ધિ પડી જ છે. જો તેમાં મીઠાશ ન હોય તો તેનાથી પાછો વળીને ચૈતન્યસુખમાં કેમ ન આવે? એણે ચૈતન્યસુખ દેખ્યું નથી ને ઈન્દ્રિયવિષયોમાં સુખબુદ્ધિ છે તેથી તેને સાચું નિઃકાંક્ષિતપણું હોતું નથી. ભલે સીધી રીતે તે વિષયોની અભિલાષા ન કરે પણ અંદર અભિપ્રાયમાં તો તેને વિષયોની આકાંક્ષા પડી જ છે.

સમ્યગ્દષ્ટિ તો સિદ્ધનો પુત્ર થઈ ગયો; તે તો અખંડ એક જ્ઞાયકસ્વભાવની અનુભૂતિ કરીને જીતેન્દ્રિય થઈ ગયો. આત્મા સિવાય જગતમાં ક્યાંય તેને સુખબુદ્ધિ નથી. પાંચ–ઈન્દ્રિયસંબંધી વિષયોની વૃત્તિ આવે તેથી તેમાં તે સુખ માનતા હશે–એમ બિલકુલ નથી; અંદરના અનાકુળ આનંદની જ ભાવના છે. અહા! ધર્મીની ચેતનાના ખેલ તો ધર્મી જ જાણે છે. અજ્ઞાની ઉપરટપકે જોઈને ધર્મીનું સાચું માપ કાઢી શકે તેમ નથી. ધર્મીના અંતર–હૃદય બહારથી દેખાય તેવા નથી. ધર્મી જાણે છે કે મારો ધર્મ તો મારામાં છે, તેનું ફળ કાંઈ બહારમાં ન આવે. બહારના પુણ્યફળ તે તો કમોદના ઉપરના ફોતરાં જેવાં છે, લોકો તો તેને જ દેખે

**આ સ્તોત્ર–માળ તુજના ગુણથી ગુંથી મૈં ભક્તિતથકી વિવિધ વર્ણરૂપી જ પુષ્પે;**
**તેને જિનેન્દ્ર! જન જે નિત્ય કંઠ નામે, તે માનતુંગ અવશા શિવ લક્ષ્મી પામે. ૪૮.**

છે, અંદરના ખરા વીતરાગી કસને લોકો દેખતા નથી. ધર્મના બદલામાં લૌકિકફળને ધર્મી ઈચ્છતા નથી, દુનિયાને દેખાડવા માટે તે ધર્મ કરતા નથી. ધર્મીનો ધર્મ તો પોતાના આત્મામાં જ સમાય છે ને તેનું ફળ પણ આત્મામાં જ આવે છે.

કોઈ દેવ આવીને સેવા કરે તો ધર્મી તેનાથી લલચાય નહિ ને કોઈ દેવ આવીને ત્રાસ આપે, પૈસા વગેરે ઉપાડી જાય તો તેનાથી ડરીને ધર્મી પોતાનો ધર્મ છોડે નહિ. ધર્મબુદ્ધિથી એવા કોઈ દેવને તે માનતા નથી. હું ધર્મ કરું તેથી સ્વર્ગનો કોઈ દેવ પ્રસન્ન થઈને મને લાભ કરી દેશે—એવી બુદ્ધિ ધર્મીને હોતી નથી. સર્વજ્ઞ વીતરાગ અરિહંતદેવ સિવાય બીજા કુદેવો પાસે તે કદી માથું ઝુકાવતા નથી. હું વીતરાગતાનો સાધક, વીતરાગ સિવાય બીજાને દેવ માનું નહીં. ચૈતન્યના વીતરાગસ્વભાવ સિવાય પુણ્યની પણ જ્યાં વાંછા નથી (ધર્મી ન ઈચ્છે પુણ્યને.....) ત્યાં બહારના પાપ-ભોગોની શી વાત ? જુઓ તો ખરા, આ તો બધું સમ્યગ્દર્શન સાથેના વ્યવહારમાં આવી જાય છે, સમ્યગ્દર્શનની નિશ્ચય અનુભૂતિની તો શી વાત !

ધર્મી જાણે છે કે સર્વજ્ઞતા ને વીતરાગતા તે જ મારા ખરા ભગવાનનો ખરો ચમત્કાર છે; એ સિવાય બહારના બીજા કોઈ ચમત્કાર માટે તે ભગવાનને માને નહિ. બહારના સંયોગનું આવવું–જવું તો પુણ્ય-પાપ અનુસાર બન્યા કરે છે, ધર્મની સાથે એને શું સંબંધ છે ? ધર્મી જીવ એવી બહારની આકાંક્ષા કરતા નથી. જ્યાં રાગથી ભિન્ન આત્માના આનંદને પોતામાં દેખ્યો ત્યાં ભવસુખની વાંછા ક્યાંથી રહે ? એટલે દેવગતિના સુખનેય ધર્મી વાંછતા નથી; આવું સમ્યગ્દષ્ટિનું નિઃકાંક્ષિત અંગ છે. આ રીતે, સમ્યગ્દષ્ટિના આઠ ગુણમાંથી બીજો ગુણ કહ્યો.

---

(અનુસંધાન પેજ નં. ૨૨ થી ચાલુ) (અનુભવપ્રકાશ)

થાય તો કેવળજ્ઞાન પ્રગટે ને ત્રણલોકનો જાણનાર થાય. પછી ભવ થાય નહિ ને શરીરમાં રહે નહિ. આત્મામાં જ્ઞાન-દર્શન શક્તિ છે, અંતર્સ્વભાવ ભરેલો છે, તેની શ્રદ્ધા, જ્ઞાન ને અનુભવ કરે તો સદાય શાશ્વત સુખનો ભોક્તા થાય.

કેવું છે તારું રૂપ? આત્મા વસ્તુ છે. તેની વીતરાગી પરિણતિ અનંત મહિમારૂપ છે. પોતાના પરમેશ્વર પદમાં રમનારી પોતાની પરિણતિ છે. પુરુષ એટલે ચિદાનંદ ભગવાન, તેનો સ્વભાવ આનંદ છે ને પ્રકૃતિનો સ્વભાવ દુઃખ છે—એ બન્નેનું ભેદજ્ઞાન કર. પર્યાયમાં કર્મના સંગે વિકાર થાય છે તે પ્રકૃતિનો સ્વભાવ છે, તે તારો સ્વભાવ નથી. રાગાદિ પુદ્ગલનું નાટક છે માટે તેનાથી જુદો છું એવો વિવેક કર. આવા ભગવાન આત્માનો આનંદ લઈને સુખી થા. (ક્રમશઃ) ❊

## (૮૯)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(૧) જે મોહ-રાગ-દ્વેષરૂપી પાપને ગાળે અને સાચું સુખ ઉત્પન્ન કરે તેને .................. કહે છે.

(૨) ધ્રુવ-અચલ ને અનુપમ............................................ સિદ્ધને,
.......................................................... સમય પ્રાભૃત અહો.

(૩) સાતસો મુનિરાજના સંઘનાયક...................... હતા.

(૪) આયુકર્મના અભાવમાં............................ ગુણ આત્મામાં ઉત્પન્ન થાય છે.

(૫) અભયકુમાર આ રાજા.......................... ના પુત્ર હતા.

(૬) જેનો બીજો ભાગ ન થઈ શકે તેને................................ કહે છે.

(૭) જે વસ્તુને વારંવાર ભોગવવામાં આવે તેને..................... કહે છે.

(૮) આગામી ચોવીસીના પ્રથમ તીર્થંકર ....................... ભગવાન થશે.

(૯) ઉત્તમ ક્ષમાદિ દસ પ્રકારનાં ધર્મ................. પર્વના હોય છે.

(૧૦) આદિનાથ ભગવાનનાં શાસનકાળમાં......................... ના જીવે ૩૬૩ પાખંડ મત ચલાવ્યા હતા.

(૧૧) જૈન ધર્મના ચારે ફિરકામાં.................. સ્તોત્ર શ્રદ્ધા અને ભક્તિથી ગવાય છે.

(૧૨) જેની પાસે અપાર વૈભવ હોય તેને રાજા કહેવાય છે. જેના પાસે તિલ-તુષ માત્ર પરિગ્રહ ન હોય તેને................. કહેવાય છે.

(૧૩) જે ત્રણ કાળ અને ત્રણ લોકને એકસાથે જાણે તેને.................. કહેવાય છે.

(૧૪) સંસારમાં રખડવા માટે................. છે ................ ગતિ પ્રાપ્ત કર્યા પછી ફરી જન્મ-મરણ રહેતા નથી.

(૧૫) મૂળ શરીર છોડ્યા વગર આત્માના પ્રદેશોમાંથી નિકળે તેને ................ શરીર કહેવાય છે.

(૧૬) તું સ્થાપ નિજને મોક્ષપંથે...............................................
................................. ન વિહર અન્ય દ્રવ્યો વિષે.

(૧૭) રાજા શ્રેણિકે............... મુનિનાં ગળામાં મરેલ સર્પ નાખેલ હતો.

(૧૮) ભક્તામર સ્તોત્ર ............... આચાર્યે લખેલ છે.

(૧૯) ................ ભગવાનનાં પાંચે કલ્યાણક.................. માં થયા હતાં.

(૨૦) નવકાર મંત્ર મૂળ............. ભાષામાં છે.

## (૮૯)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

બાલમિત્રો, હમણાં આપણો મહાન પર્વ પર્યુષણ આપણે બધાએ ઓનલાઈન ઉલ્લાસપૂર્વક મનાવ્યો. તમે બધાએ પૂજા તો કરી હશે ને! માટે આ વખતના પ્રશ્નના ઉત્તર દસલક્ષણધર્મ પૂજન વિધાનના અર્ઘમાંથી મળશે તો બુકમાંથી ગોતી ખાલી જગ્યા ભરી દો.

(૧) ૐ હ્રીં શ્રી સકલપૂજ્ય સ્થાનક પદનમન ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા
(૨) ૐ હ્રીં શ્રી છેદોપસ્થાપનારૂપ ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.
(૩) ૐ હ્રીં શ્રી વિનય ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.
(૪) ૐ હ્રીં શ્રી ત્રસસ્થાવરસમસ્ત જીવ પરિરક્ષણરૂપોત્તમ ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.
(૫) ૐ હ્રીં શ્રી સ્વાધ્યાય ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.
(૬) ૐ હ્રીં શ્રી અંતરંગપરિગ્રહત્યાગ ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.
(૭) ૐ હ્રીં શ્રી નવધાશીલપાલનોત્તમ ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.
(૮) ૐ હ્રીં શ્રી પુત્રભોગવાંછાવિહિન ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.
(૯) ૐ હ્રીં શ્રી ગૃહકુટુમ્બમમત્વ ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.
(૧૦) ૐ હ્રીં શ્રી ચતુર્વિધદેવજીવપરિરક્ષણોત્તમ ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.
(૧૧) ૐ હ્રીં શ્રી અકૃત્રિમજિનચૈત્યપદનમન ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.
(૧૨) ૐ હ્રીં શ્રી સકલપરિજનાનુકારિત્વવાંછાવિહિન ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.
(૧૩) ૐ હ્રીં શ્રી બોધિદુર્લભરૂપોત્તમ ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.
(૧૪) ૐ હ્રીં શ્રી સમસ્તમમત્વ ................ ધર્માંગાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.
(૧૫) ૐ હ્રીં શ્રી ................ આદિ ષોડષકારણેભ્યો અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.
(૧૬) ૐ હ્રીં શ્રી અષ્ટાંગસહિત ................ દોષરહિત સમ્યગ્દર્શનાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.
(૧૭) ૐ હ્રીં શ્રી ................ સમ્યગ્જ્ઞાનાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.
(૧૮) ૐ હ્રીં શ્રી ................ સમ્યક્ચારિત્રાય અર્ઘં નિર્વપામીતિ સ્વાહા.
(૧૯) સોઈ લોકાલોક નિહારૈ ..............................
.............................. જો સમ્યક્ રત્નત્રય ધ્યાવૈ.
(૨૦) સમ્યક્દરશન જ્ઞાન વ્રત, ..............................
............................ જુદૈ જલૈ દવ લોય.

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

**સુવર્ણપુરી સમાચાર :—**

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૧૦ | : | પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહિનશ્રીનું માંગલિક અને સુવર્ણપુરી જયમાલા |
| પ્રાતઃ ૬-૧૦ થી ૬-૩૦ | : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૭મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ | : | શ્રી અષ્ટપાહુડ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન સપ્ટેમ્બર– ૨૦૨૦ના ઉત્તર

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | શાંતિનાથ | (૯) | શીતલનાથ | (૧૭) | મલ્લિનાથ |
| (૨) | અભિનંદનનાથ | (૧૦) | અજિતનાથ | (૧૮) | અરહનાથ |
| (૩) | અનંતનાથ | (૧૧) | સુમતિનાથ | (૧૯) | નેમિનાથ |
| (૪) | વાસુપૂજ્ય | (૧૨) | પાર્શ્વનાથ | (૨૦) | મુનિસુવ્રતનાથ |
| (૫) | શ્રેયાંસનાથ | (૧૩) | ચંદ્રનાથ | (૨૧) | સુપાર્શ્વનાથ |
| (૬) | પદ્મપ્રભુ | (૧૪) | ધર્મનાથ | (૨૨) | આદિનાથ |
| (૭) | વિમલનાથ | (૧૫) | પુષ્પદંત | (૨૩) | કુંથુનાથ |
| (૮) | મલ્લિનાથ | (૧૬) | સંભવનાથ | (૨૪) | મહાવીરસ્વામી |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન સપ્ટેમ્બર – ૨૦૨૦ના ઉત્તર

(૧) પંચમેરુ નંદીશ્વરદ્વીપ પૂજન વિધાન
(૨) (૧) ભદ્રશાલ
(૨) નંદન,
(૩) સોમનસ,
(૪) પાંડુક
(૩) જંબૂવૃક્ષ, શાલ્મલિવૃક્ષ
(૪) ૮૪ હજાર
(૫) સ્વર્ણિમ, રત્નમય
(૬) ૧૬૩ કરોડ
(૭) ૫૦૦
(૮) ૪ ૧૬ ૩૨
(૯) (૧) રુચિક,
(૨) રુચિકપ્રભ
(૩) હિમવન
(૪) સ્વયંસિદ્ધ
(૧૦) ચોર્યાસી લાખ સત્તાણુ હજાર ત્રેવીસ
(૧૧) હસ્તિનાપુર, બલી
(૧૨) વ્યુત્સર્ગ
(૧૩) જિનચંદ્રઆચાર્ય
(૧૪) ચાર લાખ
(૧૫) અંધકવૃષ્ટિ
(૧૬) નિમિત્ત
(૧૭) આદાન નિક્ષેપણ
(૧૮) સર્વદર્શીત્વ
(૧૯) સર્વજ્ઞત્વ
(૨૦) કમલિની પત્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● ભાઈ ! તું ચેતીને રહેજે. મને આવડત છે—એમ આવડતના હૂંફના અભિમાનને રસ્તે ચડીશ નહીં. વિભાવના રસ્તે તો અનાદિનો ચડેલો જ છો. અગિયાર અંગના જ્ઞાનમાં, ધારણામાં તો બધું આવ્યું હતું પણ શાસ્ત્રની ધારણાના જ્ઞાનની અધિકતા કરી, પણ આત્માની અધિકતા કરી નહીં. ધારણાજ્ઞાન આદિના અભિમાનથી રોકવા માટે ગુરુ જોઈએ. માથે ટોકનાર ગુરુ જોઈએ. ૪૨૧.

● પ્રભુ ! આવડતના અભિમાનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના ભાવથી—બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં આત્માર્થીને લાભ છે. આવડતના કારણે લોકો માન-સન્માન-સત્કાર કરે પણ એ પ્રસંગોથી આત્માર્થીએ દૂર ભાગવા જેવું છે. એ માન-સન્માનના પ્રસંગો નિઃસાર છે. કાંઈ હિતકર નથી. એક આત્મસ્વભાવ જ સારભૂત ને હિતકારી છે. માટે આવડતના અભિમાનથી દૂર ભાગી આત્મસન્મુખ જ વળવા જેવું છે. ૪૨૨.

● જડ—પર્યાયરૂપ દ્રવ્યેન્દ્રિય, ખંડખંડ જ્ઞાનરૂપ ભાવેન્દ્રિય અને પાંચ ઇન્દ્રિયના વિષયભૂત પદાર્થ—ત્રણેને જ્ઞાયકના અવલંબન વડે ભિન્ન કરવા એ ઇન્દ્રિયનું જીતવું કહેવાય છે. ત્રણેનું લક્ષ છોડીને પોતાના આત્મામાં એકાગ્રતા કરવી એ નિશ્ચય સ્તુતિ છે. ૪૨૩.


● સદા અંતરંગમાં ઝળહળ જ્યોતિ પ્રકાશમાન અવિનશ્વર, સ્વતઃસિદ્ધ તથા પરમાર્થ સત્ પરમ પદાર્થ એવો ભગવાન જ્ઞાનસ્વભાવ છે. તેના અવલંબને ઇન્દ્રિયોનું જીતવું થાય તેને સંતો જિતેન્દ્રિય કહે છે. ૪૨૪.

● જે નિર્મળભાવનો પિંડ છે એવા ચૈતન્યનો જેને મહિમા છે તેને સમ્યગ્દૃષ્ટિ કહે છે અને તેને દયા-દાન આદિના રાગની ને તેના ફળની મહિમા હોતી નથી. જેને દયા-દાન આદિના રાગની ને તેના અનુકૂળ ફળની મહિમા છે તેને સુખનો સમૂહ, આનંદનો કંદ એવા આત્માની મહિમા નથી આવતી. જેને વ્યવહાર રત્નત્રયના શુભ રાગની, દેવ-શાસ્ત્ર-ગુરુની અંદરમાં મહિમા વર્તે છે તેને, નિમિત્તનો જેમાં અભાવ, રાગનો જેમાં અભાવ એવા સ્વભાવભાવનો મહિમા નથી, તેથી પર્યાયમાં તેને આનંદ આવતો નથી. જેને શુભભાવથી માંડીને બહારમાં કંઈ પણ અધિકતા, આશ્ચર્યતા ને મહિમા (આવે) છે. તેને સમ્યગ્દર્શન થતું નથી. ૪૨૫.

આત્મધર્મ
ઓક્ટોબર-૨૦૨૦
અંક-૨ ● વર્ષ-૧૫

Posted at Songadh PO
Publish on 1-10-2020
Posted on 1-10-2020

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org